RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 267* Date: 24.07.2020 * Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### રાજસ્થાનના રાજકીય નાટકમાં નવો વળાંક, ૧૯ ધારાસભ્યોને રાહત

# ગેહલોત સંકટમાં: પાયલટને રાહત, સ્પીકરની નોટિસ પર હાઈકોર્ટની રોક

## મુખ્યમંત્રી ગેહલોતે રાજ્યપાલ સમક્ષ વિધાનસભા સત્ર બોલાવવાની માંગ કરી, રાજ્યપાલે ઈન્કાર કરતાં કોંગી ધારાસભ્યો ધરણાં પર બેઠા

જયપુર,તા.૨૪

સરકાર ઉથલાવવાના મામલે રાજસ્થાનના રાજકારણમાં ચાલી રહેલા વર્તમાન રાજકિય પરિસ્થિતિમાં કોંગ્રેસના બળવાખોર સચિન પાયલટ જુથને હાઈકોર્ટ તરફથી આજે શુક્રવારે વધુ રાહત મળી છે. અને મુખ્યમંત્રી અશોક ગેહલોતની હાલમાં પીછેહઠ થઈ હોય તેમ હાઈકોર્ટે વિધાનસભાના સ્પીકર સીપી જોષીએ બળવાખોરોને આપેલી કારણદર્શક નોટિસ પર રોક લગાવીને જૈસે થે (સ્ટેટસ ક્વો)ની સ્થિત જાળવી રાખવા આદેશ આપીને કેન્દ્ર સરકારને પક્ષકાર બનાવવાની પાયલટ જુથની અરજીને પણ માન્ય રાખતા કોંગ્રેસની આ આંતરિક રાજકિય અને કાયદાકિય લડાઈમાં હવે કેન્દ્ર સરકારની એન્ટ્રી થાય તેમ છે. એક રીતે જોતાં સ્પીકરને અને ગેહલોતને આંચકો લાગ્યો છે. મામલો હવે સુપ્રિમ કોર્ટમાં જાય તેમ છે.

રાજસ્થાન હાઈકોર્ટમાં સચિન પાઈલટને રાહત મળ્યા બાદ અશોક ગેહલોત જૂથમાં હલચલ તેજ થઈ ગઈ હતી. મુખ્યમંત્રી અશોક ગેહલોત તરફથી વિધાનસભા સત્ર બોલાવવાની માંગ કરતા અપીલ કરવામાં આવી હતી. રાજ્યપાલ કલરાજ મિશ્રએ કોરોના સંકટનો હવાલો આપી વિદ્યાસભા સત્ર બોલાવવા ઈક્રાર કર્યો હતો. આ દરમ્યાન અશોક ગેહલોત પોતાના સમર્થક ધારાસભ્યો સાથે રાજભવન પહોંચી ગયા હતા.

રાજભવન પહોંચેલા ધારાસભ્યો ધરણા પર બેસી ગયા હતા અને નારે બાજી કરવા લાગ્યા હતા. તો બીજી તરફ રાજભવનની અંદર રાજ્યપાલ અને મુખ્યમંત્રી વચ્ચે મુલાકાત થઈ હતી. આ દરમ્યાન ધારાસભ્યો ન્યાયની માંગ સાથે 'વી વોન્ટ જસ્ટિસ'ના નારા લગાવ્યા હતા.

રાજસ્થાન સીએમનુ કહેવુ છે કે, ઉપરથી દબાણ હોવાના કારણે રાજ્યપાલ વિધાનસભા સત્ર નથી બોલાવી રહ્યા. તેમણે દાવો કર્યો હતો કે તેમની પાસે બહુમતી છે વિધાનસભામાં સમગ્ર હકીકતનો ખુલાસો થઈ જશે.



અગાઉ અયોગ્યતા નોટિસ પર ૨૧ જુલાઈએ હાઈકોર્ટે તેનો ચુકાદો ૨૪ જુલાઈ સુધી અનામત રાખ્યો હતો. સ્પીકર સીપી જોશીને કહેવામાં આવ્યું હતું કે તેઓ ત્યાં સુધી આ ધારાસભ્યોની વિરુદ્ધ કોઈ કાર્યવાહી ન કરે. જોકે સ્પીકર જોશીએ હાઈકોર્ટના આ ચુકાદાને પડકારીને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. ગુરુવારે સુપ્રીમ કોર્ટે સ્પીકરને રાહત આપવાથી ઈક્રાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે હાઈકોર્ટ ચુકાદો આપી શકે છે. જોકે આ ચુકાદો એ બાબત પર નિર્ભર રહેશે કે સ્પીકરની અરજી પર ભવિષ્યમાં સુપ્રીમ કોર્ટ કેવું વલણ દાખવે છે.

વિધાનસભાના સ્પીકર જોષીએ કોંગ્રેસના પાયલટ સહિત અન્ય ૧૮ જેટલા બળવાખોર ધારાસભ્યોને તેમને ગેરલાયક કેન ન ઠેરવવા એવી આપેલી કારણદર્શક નોટિસને હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી. જેમાં પાયલટ જુથને અગાઉ રાહત મળ્યા બાદ આજની સુનાવણીમાં હાઈકોર્ટ પાયલટ કેમ્પની નોટિસ અરજી પર યથાસ્થિતિ જાળવી રાખવાનો આદેશ આપ્યો છે. યથાસ્થિતિ આદેશ બાદ હવે કોઈ પણ પક્ષ કોઈ કાર્યવાહી નહીં કરી શકે. હવે સમગ્ર મામલો સુપ્રીમ કોર્ટને આધીન રહેશે. હાઈકોર્ટે સ્પીકરની નોટિસને સ્ટે કરી દીધી છે. હાઈકોર્ટે માન્યું કે અરજી મેંટેનેબલ છે, પરંતુ મામલો સુપ્રીમ કોર્ટમાં વિચારાધીન છે. હવે તમામની નજરો સુપ્રીમ કોર્ટના ચુકાદા પર રહેશે.

નોટિસ અરજીમાં પાયલટ કેમ્પ તરફથી કેન્દ્ર સરકારને આ મામલામાં પક્ષકાર બનાવવા માટે બુધવારે દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી બાદ કોર્ટે તેને સ્વીકારી લીધી છે. તેના કારણે હવે કેન્દ્ર સરકાર પણ નોટિસ અરજીમાં પક્ષકાર બની ગઈ છે. હવે આ મામલામાં જવાબ આપવા માટે કેન્દ્ર સરકારના વકીલ હાઈકોર્ટ પાસેથી સમય માંગી શકે છે.

બીજી તરફ, હાઈકોર્ટે નોટિસ અરજી પર યથાસ્થિતિનો આદેશ આપ્યો છે. તેને પાયલટ કેમ્પ માટે મોટી રાહત માનવામાં આવી રહી છે. યથાશક્તિ આદેશ બાદ હવે કોઈ પણ પક્ષ કોઈ કાર્યવાહી નહીં કરી શકે.

કાયદાકિય દાવપેચમાં ફસાયેલા રાજસ્થાનના રાજકીય સંકટની વચ્ચે નોટિસ અરજીમાં સચિન પાયલટના કેમ્પ તરફથી કેન્દ્ર સરકારને મામલામાં પક્ષકાર બનાવવાની અરજીને હાઈકોર્ટે સ્વીકારી લીધી છે. હવે તેમાં કેન્દ્ર સરકારનો પક્ષ પણ સાંભળવામાં આવશે. અરજીને સ્વીકારતાં હાઈકોર્ટે વિધાનસભા સ્પીકરની નોટિસ પર દાખલ અરજી પર ચુકાદો સંભળાવતા યથાસ્થિતિ રાખવાનો નિર્દેશ આપ્યો છે. કાયદાના નિષ્ણાતોનું માનવુ છે કે હવે આ મામલે સત્વરે રાજકિય સંકટનો કોઈ ઉકેલ આવે તેમ હાલના તબક્કે જણાતું નથી.

# કોવિડ-૧૯ને લીધે વિશ્વમાં એરલાઈન્સ ક્ષેત્રે ચાર લાખ લોકોની છટણી

બ્લૂમબર્ગ,તા.૨૪

વિશ્વભરમાં કોરોના વાઈરસ લોકડાઉને અર્થતંત્રોને નબળાં કરી દીધાં છે. એની સૌથી વધુ પ્રતિકૂળ અસર જે ક્ષેત્રોમાં પડી છે, એમાં એરલાઈન ક્ષેત્ર પણ સામેલ છે. બ્લુમબર્ગની એક ગણતરી અનુસાર આશરે ચાર લાખ એરલાઈન કર્મચારીઓએ વિશ્વભરમાં પોતાની નોકરી ગુમાવી છે. એરલાઈન્સ ઉદ્યોગે સૌથી મોટું નુકસાન ભોગવવું પડ્યું છે, કેમ કે આ રોગચાળાએ ટિકિટોના વેચાણ અને કમાણીને ખતમ કરી દીધાં છે. વિશ્વભરમાં એરલાઈન્સે સીમા પર પ્રતિબંધો અને લોકડાઉનને કારણે ફ્લાઈટ્સની ઉડાનોમાં ભારે કાપ મૂક્યો છે. દેશમાં એરલાઈન્સે મોટી સંખ્યામાં કર્મચારીઓનાં પગાર કાપ કર્યો છે.

બ્રિટિશ એરવેઝ. ડોયચે લુફથાન્સા એજી, એમિરેટ્સ એરલાઈન્સ અને ક્વાંટાસ એરવેઝ લિમિટેડ એ એરલાઈન્સોમાં સામેલ છે, જેમણે મોટી સંખ્યામાં કર્મચારીઓની છટણી કરી છે અથવા અનપેડ લીવ પર મોકલી દીધા છે. ડેલ્ટા એરલાઈન્સ ઈંક્ર, યુનાઈટેડ એરલાઈન્સ હોલ્ડિંગ્સ ઈંક્ર અને અમેરિકન એરલાઈન્સ ગ્રુપ ઈંક્રે પહેલેથી જ ૩૫,૦૦૦ કર્મચારીઓને ચેતવણી આપી છે કે તેમની નોકરીઓ પર જોખમ ઝંળૂબી રહ્યું છે. એટલું જ નહીં, જેમની નોકરી બચી છે, એ મોટા પગારકાપનો સામનો કરી રહ્યા છે. વિશ્વભરમાં એરલાઈન્સ ક્ષેત્રે પાઈલટ અને કેબિન ક્રૂ સહિત ૪,૦૦,૦૦૦ નોકરીઓ જવાનો અંદાજ છે. ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ એસોસિયેશનના જણાવ્યા અનુસાર વિમાન ઉત્પાદકો, એન્જિન ઉત્પાદકો, એરપોર્ટ અને ટ્રાવેલ એજન્સીઓ સહિત સંબંધિત ઉદ્યોગોમાં નોકરીઓનું નુકસાન અઢી કરોડ (૨૫ મિલિયન) સુધી પહોંચી શકે છે. એરબસ, એસઈ અને બોઈંગ ૩૦,૦૦૦થી વધુના પદોમાં કાપ કરી રહી છે. અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૬,૫૭૦ નવા કોરોના સંક્રમિતોના કેસ નોંધાયા છે. અમેરિકામાં કોરોના કુલ કેસ ૪૦ લાખને પાર થયા છે અને વિશ્વમાં કોરોના કેસ વધીને ૧.૫૦ કરોડને પાર થયા છે.

### દેશમાં કોરોનાના કુલ કેસ ૧૩ લાખની નજીક, ૩૦ હજારથી વધુના મોત

# કોરોનાની ઉંચી છલાંગ: ૪૯ હજાર કરતાં વધુ કેસ, ૭૫૫ના મોત

## ૮.૧૭ લાખ દર્દીઓએ કોવિડ-૧૯ને મ્હાત આપી,એક્ટિવ કેસની સંખ્યા ૪,૪૦,૧૩૫ સુધી પહોંચી

ન્યુ દિલ્હી,તા.૨૪

દેશમાં કોરોના વાઈરસ બેફામ અને બેકાબુ બની ગયું હોય તેમ અનલોક-૨ના ૨૩મા દિવસે ગુરૂવારે ૪૯ હજાર કરતાં વધારે કેસો અને વધુ ૭૫૫ના મોત થયા હતા. બ્રાઝિલ પછી સૌથા વધુ કેસ ભારતમાં સામે આવી રહ્યાં છે. ભારતમાં કોરોનાએ હવે ૪૦ હજારની ઉંચાઈ પકડી હોય તેમ હવે છેલ્લાં ૩ દિવસથી ૪૦ હજારની ઉપર કેસો આવી રહ્યાં છે. કેસોના મામલામાં ભારતની આગળ હવે માત્ર અમેરિકા છે. દરમ્યાન, કોરોના મહામારીના કારણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ ૨૭ જુલાઈના રોજ પોતાના જન્મદિવસની ઉજવણી ન કરવાનો નિર્ણય કર્યો છે. તો આ તરફ રેલવેએ જણાવ્યું કે, દેશમાં ૯ જુલાઈ સુધી ૪૧૬૫ શ્રમિક સ્પેશ્યલ ટ્રેન દોડાવાઈ છે. હવે તેની કોઈ માંગ નથી. ભોપાલમાં આજે શુક્રવાર રાતના ૮ વાગ્યાથી ૪ ઓગસ્ટની સવાર ૫ વાગ્યા સુધી ટોટલ લોકડાઉન રહેશે.

કોરોનાથી સંક્રમિત થનારા લોકોના કેસોમાં ભારતમાં ગુરુવાર બાદ ફરી રેકોર્ડ તૂટ્યો છે. શુક્રવાર સવારે જાહેર થયેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૪૯,૩૧૦ કોરોનાના કેસો સામે આવ્યા છે. તે સાથે દેશમાં કોરોના દર્દીઓની સંખ્યા ૧૨ લાખ ૮૮ હજાર ૧૩૦ થઈ ચુકી છે.. ગુરુવારે સૌથી વધુ મહારાષ્ટ્રમાં ૯,૮૯૫, આંધ્રપ્રદેશમાં ૭,૯૯૮, તમિલનાડુમાં ૬,૪૭૨ અને કર્ણાટકમાં ૫,૦૩૦ લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ ઉપરાંત, કોરોના વાયરસના હવે ૪ લાખ ૪૦ હજાર ૧૩૫ એક્ટિવ કેસ છે. બીજી તરફ, ૮ લાખ ૧૭ હજાર ૨૦૯ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ભારતમાં અત્યાર સુધીમાં કુલ ૩૦,૬૦૧ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. વિશેષમાં, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, દેશમાં ૨૩ જુલાઈ સુધીમાં કુલ ૧,૫૪,૨૮,૧૭૦ કોરોનાના સેમ્પલ લેવામાં આવ્યા છે. માત્ર ગુરુવારની વાત કરીએ તો ૩,૫૨,૮૦૧ સેમ્પલ ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે

કોરોના મહામારીના કારણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ ૨૭ જુલાઈના રોજ જન્મદિવસની ઉજવણી ન કરવાનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું કે, કોઈ પણ કાર્યકર્તા અને પ્રશંસક તેમને શુભેચ્છા પાઠવવા માટે ઘરે કે ઓફિસે ન આવે.

તો આ તરફ રેલવેએ જણાવ્યું કે, દેશમાં ૯ જુલાઈ સુધી ૪૧૬૫ શ્રમિક સ્પેશ્યલ ટ્રેન દોડાવાઈ છે. હવે તેની કોઈ માંગ નથી. આ ટ્રેન દ્વારા ૬૩ લાખ લોકોને તેમના ઘરે પહોંચાડવામાં આવ્યા છે. રેલવે બોર્ડના અધ્યક્ષ વીકે યાદવે જણાવ્યું કે, જો કોઈ રાજ્ય માંગ કરશે તો તેના પર વિચારણા કરવામાં આવશે.ભોપાલમાં આજે શુક્રવાર રાતના ૮ વાગ્યાથી ૪ ઓગસ્ટની સવાર ૫ વાગ્યા સુધી ટોટલ લોકડાઉન રહેશે. જિલ્લા તંત્રએ આ નિર્ણય ભોપાલમાં કોરોના સંક્રમણના કારણે લીધો છે. જો કે, એરપોર્ટ અને રેલવે સ્ટેશથી અન્ય શહેરો માટે ફલાઈટ અને ટ્રેનનું ઓપરેશન ચાલું રહેશે. જ્યારે લો ફ્લોર બસો, ટેક્સી, ઈ-રિક્ષા ઓટો રિક્ષા પુરી રીતે બંધ રહેશે.

રાજ્યમાં ગુરુવારે પહેલી વખત રેકોર્ડ ૨૫૦૦થી વધુ કેસ સામે આવ્યા છે. તો આ તરફ મુખ્ય સ્વાસ્થ્ય સચિવ અમિત મોહન પ્રસાદે જણાવ્યું કે, અમે સતત ટેસ્ટીંગ ક્ષમતાને વધારી રહ્યા છીએ

બિહારમાં કોવિડ-૧૯ હોસ્પિટલમાં બેડની સંખ્યા ૮ હજાર છે. હવે સરકારે ૫ હજાર બેડ વધારવાનો નિર્ણય કર્યો છે. તો આ તરફ સેમ્પલ ટેસ્ટની ક્ષમતા પણ વધારવામાં આવશે.

આ વર્ષે સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં કોઈ શાળાના બાળકો ભાગ લેશે નહીં. ભારતીય પુરાતત્ત્વીય સર્વેક્ષણ અધિકારી (એએસઆઈ) ના એક અધિકારીએ કહ્યું કે, લાલ કિલ્લા પર દર વર્ષે ૯૦૦-૧,૦૦૦ આમંત્રિતોને બદલે, વડા પ્રધાન રાષ્ટ્રને સંબોધન કરે ત્યારે લગભગ ૨૫૦ લોકો ઉપસ્થિત રહેશે. સંરક્ષણ મંત્રાલય દ્વારા અંતિમ સૂચિ તૈયાર કરવામાં આવશે.

### જો આપણે ચીનને બદલાવાની ફરજ ન પાડી તો તે આપણને બદલી દેશે

# આઝાદી અને લોકતંત્રને પસંદ કરનારી દુનિયા માટે ચીન સૌથી મોટુ જોખમ: અમેરિકા

વોશિંગ્ટન,તા.૨૪

અમેરિકન વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ ફરી એક વખત ચીનને દુનિયા માટે સૌથી મોટુ જોખમ ગણાવ્યું છે. વોશિંગ્ટનમાં પોમ્પિયોએ કહ્યું કે, આઝાદી અને લોકતંત્રને પસંદ કરનારી દુનિયા માટે ચીન જોખમ છે. આ દેશો માટે એ સૌથી જરૂરી છે કે તે ચીનને પરિવર્તન લાવવા માટે મજબૂર કરે, જો આવું નહીં થાય તો પછી ચીન દુનિયાને બદલી નાંખશે. થોડા દિવસ પહેલા ડોનાલ્ડ ટ્રમ્પ પણ કોમ્યુનિસ્ટ શાસન વાળા ચીનને દુનિયા માટે જોખમ ગણાવી ચુક્યા છે. બન્ને દેશ એક નવા કોલ્ડ વોર તરફ આગળ વધી રહ્યા છે. નિક્સન લાઈબ્રેરીમાં ભાષણ



આપતી વખતે પોમ્પિયોએ કહ્યું કે, ચીન વિરુદ્ધ અમે અમારા સહયોગી દેશો સાથે મળીને લડવાના રસ્તા ખોળી રહ્યા છીએ. આ અમારા માટે સૌથી મોટો પડકાર અને મિશન છે. ચીન લોકોની ખુશી અને આઝાદી માટે જોખમકારક છે. ૧૯૭૦ની આસપાસ જ આપણા નેતાઓને ખબર પડી ગઈ હતી કે કોમ્યુનિસ્ટ શાસન ક્યાં જઈ રહ્યું છે.

પોમ્પિયોએ કહ્યું કે, ચીનમાં માનવાધિકારો માટે કોઈ સ્થાન નથી. તે વેપાર વધારવા અને નફો કમાવવા માટે દરેક પ્રકારના કીમિયા અપનાવી રહ્યું છે. હવે તેના આ કાવતરા અમેરિકા માટે પણ ઘડી રહ્યું છે. પણ કદાચ ચીનને અમેરિકાની શક્તિનો અંદાજ નથી. ચીને તેની સૈન્ય શક્તિ વધારી છે અને તેને વધારવામાં લાગી ગયું છે. પૂર્વ રાષ્ટ્રપતિ રોનાલ્ડ રીગન ઘણી વખત કહેતા હતા કે, વિશ્વાસ જરૂર કરો, પણ પહેલા તેની તપાસ પણ કરો.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા: ૧૦૬૮**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૫૩૬૩૧**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૨૬**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૮૭૨**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૩૮૮૩૦**

### ગેંગસ્ટર વિકાસ દુબેની પત્નીનું મોટું નિવેદન

# એ દિવસે હું હોત તો વિકાસને ગોળી મારીને વિધવા થઈ જાત

કાનપુર,તા.૨૪

ઉત્તર પ્રદેશના કાનપુરના બિકરુ ગામમાં ૮ પોલીસકર્મીઓની હત્યા કરી દેવાઈ હતી. આ ઘટના બાદ કુખ્યાત ગેંગસ્ટર વિકાસ દુબેનું સામ્રાજ્ય પણ નષ્ટ કરી દેવાયું. વિકાસ દુબે સહિત તેના મોટાભાગના ગુંડાઓનું એક્રાઉન્ટર કરી દેવાયું. ૮ પોલીસકર્મીઓની શહીદી પર વિકાસ દુબેની પત્ની રુચા દુબે દુ:ખ વ્યક્ત કરે છે. ઋચાનું કહેવું છે કે, પતિ અને પિતા તરીકે વિકાસ ઘણો સારો હતો, પરંતુ તે પોતાની ખોટી આદતો છોડી શકતો ન હતો. તેણે કહ્યું કે, ૨-૩ જુલાઈએ જો તે બિકરુમાં હોત તો આ બધું ન થાત. ઋચાએ કહ્યું કે, 'હું જ વિકાસને ગોળી મારીને વિધવા થઈ જાત. ઘણા લોકો વિધવા બને તેનાથી તો સારું જ હોત.' ઋચા કહે છે કે, 'હું ક્યારેય નહોંતી ઈચ્છતી કે મારા બાળકો વિકાસ જેવા બને. મેં તેમને ઘણા સમજાવ્યા, પરંતુ તેમણે ક્યારેય મારી વાત ન સાંભળી. હું મારા બાળકોને ત્યાં મુલાકાત કરાવવા ચોક્કસ લઈ જતી હતી. હું ઈચ્છતી હતી કે વિકાસના કોઈપણ કૃત્યથી મારા બાળકો પ્રભાવિત ન થયા.' વિકાસ સાથે ઋચાના લગ્ન ૨૩ વર્ષ પહેલા થયા હતા.

કરોડોની સંપત્તિના સવાલ પર વિકાસ દુબેની પત્ની ઋચાએ કહ્યું કે, 'આ બધી ખોટી વાતો છે. જો મારી પાસે કરોડો રૂપિયા હોત તો હું નાના ઘરમાં રહેવાને બદલે વિદેશમાં રહેતી હોત. હું વિકાસ દુબેના કૃત્ય પર એ બધા પરિવારોની માફી માગું છું, જે લોકોએ પોતાના સ્વજન ગુમાવ્યા છે.' સીસીટીવીથી બિકરુનો ઘટનાક્રમ જોઈ રહી હતી, એ સવાલ પર વિકાસની પત્નીનું કહેવું છે કે, 'સીસીટીવી ૪થી ૬ મહિના પહેલા જ લાગ્યા હતા.

## તંત્રી સ્થાનેથી...

# ગુજરાતમાં ઑનલાઇન આંદોલન

કોરોનાની મહામારીને કારણે લોકોના જીવનવ્યવહાર સમૂળગાં બદલાઈ ગયાં છે. કોરોનાના ચેપની બીકને કારણે લોકો એકબીજા પાસે જતાં ડરે છે. આ સંજોગોમાં રસ્તા પર ઊતરીને થતાં આંદોલનોનું સ્વરૂપ પણ બદલાયું છે. લાંબા ગાળાથી જે પડતર પ્રશ્નો અને સમસ્યા હતી તે મુદ્દે જે આંદોલનો ગાંધીનગરને આંગણે તેમજ જાહેરમાં થતાં હતા તે હવે સોશિયલ મીડિયા પર વધુ સક્રિય થયા છે.કોરોના અગાઉનાં દરેક આંદોલનો ટ્વિટર, ફેસબુક, યૂટ્યૂબ, વૉટ્સઍપ વગેરે સોશિયલ મીડિયા માધ્યમો પર હાઈલાઈટ થતાં જ હતાં, આંદોલનના જુવાળ માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ થતો જ હતો, પરંતુ હવે કોરોનાને કારણે સ્થિતિ એવી નિર્માણ થઈ છે કે એ આંદોલનોનું મુખ્ય માધ્યમ જ સોશિયલ મીડિયા બની રહ્યું છે.હવે આંદોલનોની રણનીતિ સોશિયલ મીડિયા આધારિત રહે છે.છેલ્લા એક-દોઢ દાયકાથી મોબાઈલ-ઈન્ટરનેટ વ્યાપક જીવનનો હિસ્સો બની ગયા છે. ગુજરાતના પરિપ્રેક્ષ્યમાં એ વાત પણ નોંધવી રહી કે એ મોબાઈલ-ઈન્ટરનેટનો વપરાશ ખૂબ વધી રહ્યો છે અને જીવનનો હિસ્સો બની ગયા હોવા છતાં આંદોલનોમાં તેમની સક્રિય ભૂમિકા મર્યાદિત હતી.ગુજરાતભરના લોકો સુધી આંદોલનને સમાચાર તરીકે પહોંચાડવામાં મોબાઈલ-ઈન્ટરનેટનો ઉપયોગ ખાસ્સો રહ્યો છે, પણ આંદોલનના પ્રમુખ માધ્યમ તરીકે એનો એટલો ઉપયોગ જોવા મળ્યો નથી.માત્ર કોરોનાના સમયમાં જ આંદોલનોના મુખ્ય માધ્યમ મોબાઈલ-ઈન્ટરનેટ બન્યાં છે.જાણીએ સામ્પ્રત સમયમાં ક્યાંક્યાં આંદોલનોમાં સોશિયલ મીડિયા ચાલકબળ પુરવાર થયું અને હૅશટેગ ટ્રૅન્ડ થયા.પોલીસકર્મીઓ તેમજ અન્ય સમર્થકોએ ટ્વિટર પર ટ્રૅન્ડ શરૂ કર્યો હતો. જેમાં તેમની માગ હતી કે કૉન્સ્ટેબલના ગ્રેડ પે ૧૮૦૦ રૂપિયા છે તે વધારીને ૨૮૦૦ કરી આપવામાં આવે.પગારવધારા માટેનો આ હૅશટેગ જોતજોતામાં ટ્વિટર પર ટ્રૅન્ડ થવા માંડ્યો હતો. એ પછી રાજ્યનું પોલીસતંત્ર હરકતમાં આવ્યું હતું અને પોલીસકર્મીઓ માટે સોશિયલ મીડિયાના ઉપયોગની આચારસંહિતા દર્શાવતો એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો.રાજ્યના પોલીસવડા શિવાનંદ ઝાએ ૨૧ જુલાઈએ એક પ્રેસ કૉન્ફરન્સમાં આંદોલન કરનારાઓને તાકીદ કરી હતી કે સોશિયલ મીડિયા પરનું આ આંદોલન નહીં ચલાવી લેવામાં આવે.તેમણે કહ્યું હતું કે પોલીસ જવાનોને ખોટી અને ઉશ્કેરણીજનક રીતે ગેરમાર્ગે દોરનારી આવી દોરવણીને ચલાવી લેવામાં આવશે નહીં. પગારવધારાની ગેરવાજબી વાત કરીને પોલીસ કર્મચારીઓમાં અસંતોષ ફેલાવવાનો પ્રયાસ ખાખીની ગરિમા પર હુમલો માનીને આવું કરનારા સામે કડક પગલાં લેવામાં આવશે. પોલીસ કર્મચારીઓ માટે એ જ સંદેશ કે પોલીસની નોકરી એ સામાન્ય નોકરી નથી સેવા છે. એને અન્ય નોકરી સાથે સરખાવી ન શકાય.કેટલાંક અસામાજિક તત્ત્વો દ્વારા ભોળા પોલીસ કર્મચારીઓને ઉશ્કેરીને તેમને પોલીસખાતા વિરુદ્ધની આવી પ્રવૃત્તિ કરવા માધ્યમ બનાવી રહ્યા છે. આવા કર્મચારીને યાદ અપાવવા માગું છું કે આવી પ્રવૃત્તિ શિસ્ત વિરુદ્ધની ગણાશે અમે તેમાં સામેલ કર્મચારીઓ સામે કડક વલણ રાખીને કાર્યવાહી કરવામાં આવશે. આવી આંદોલનાત્મક અથવા જૂથબંધીમાં જોડાવવું એ ગુનો ગણાશે. ખાખીની એકતા તોડવાના કોઈ પ્રયત્ન હળવાશથી લેવામાં આવશે નહીં. આવી પ્રવૃત્તિ સાથે જે પોલીસકર્મી જોડાશે તેમની સામે ખાતાકીય અને કાયદાકીય એમ બંને પગલાં લેવાશે. પોલીસ કર્મચારી આવી પ્રવૃત્તિને પ્રત્યક્ષ કે પરોક્ષ ટેકો ન આપે.ગુજરાત પોલીસે, પોલીસ કર્મચારીઓ માટે સોશિયલ મીડિયાના ઉપયોગ માટે આચારસંહિતા ઘડી કાઢી છે.એક પરિપત્ર જાહેર કરીને સૂચના આપવામાં આવી છે કે દરેક સંવર્ગના પોલીસ અધીકારી જ્યારે સત્તાવાર અને ખાનગી ઉપયોગ માટે સોશિયલ મીડિયાનો ભાગ બને છે ત્યારે આ આચારસંહિતા લાગુ પડે છે.પરિપત્રમાં દર્શાવવામાં આવ્યું છે કે વૉટ્સઍપ, ટ્વિટર, ફેસબુક, યૂટ્યૂબ સહિતના સોશિયલ મીડિયા માટે આ આચારસંહિતા લાગુ પડે છે.જેમાં કહેવાયું છે કે 'પોલીસ કર્મચારીઓએ રાજકીય નિવેદન આપવાનું ટાળવું જોઈએ. કોઈ પણ ધર્મ કે જાતિ કે સમાજનાં ચોક્કસ વર્ગના હેતુ માટે થતી ઝુંબેશ કે આંદોલન કરવા માટે રચાયેલા સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ કે વૉટ્સઍપના સભ્ય ન હોવા જોઈએ. ફરજના સંબંધમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી, પોલીસ વિભાગ અથવા સરકારની ટિકા કરતી કે જાહેર ટિપ્પણી કરતી પોસ્ટ ન કરવી જોઈએ.'સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોએ સોશિયલ મીડિયા પર ૪૨૦૦ ગ્રેડ પેના હૅશટેગ સાથે એક આંદોલન છેડ્યું હતું.એ હૅશટેગ ટ્રૅન્ડ જબરો વાઈરલ થયો હતો. પોલીસકર્મીઓએ જે ૨૮૦૦ના ગ્રેડ પે માટે ટ્વિટર પર આંદોલન ચલાવ્યું હતું તે શિક્ષકોના આ આંદોલન પછી શરૂ થયું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૨૨૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૨૫-૭-૨૦૨૦, શનિવાર, શ્રાવણ સુદ-૫
સૂર્યોદય-૬-૧૭, સૂર્યાસ્ત-૭-૩૦, જૈન નવકારશી-૭-૦૫,
આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ ઉત્તરા ફાલ્ગુની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૭-૫૬થી શુભ-૯-૩૫ સુધી, ૧૨-૫૩ થી ચલ-લાભ-અમૃત-૧૭-૫૦ સુધી, ૧૯-૨૯થી લાભ-૨૦-૫૦ સુધી, ૨૨-૧૧ થી શુભ-અમૃત-૨૪-૫૪ સુધી

**- શુભ હોરા-**
૭-૨૩ થી ૮-૨૯ સુધી, ૧૦-૪૧ થી ૧૩-૫૯ સુધી, ૧૫-૦૫ થી ૧૬-૧૧ સુધી, ૧૮-૨૩ થી ૨૧-૧૭ સુધી

# કોટનમાં ૩૨,૬૭૫ ગાંસડીના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યાઃ સીપીઓ, મેન્થા તેલમાં સુધારો

## સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહઃ સોનું તેજ, ચાંદી ઢીલીઃ ક્રૂડ તેલમાં ઘટાડોઃ કપાસમાં નરમાઈઃ પ્રથમ સત્રમાં રૂ. ૧૭૮૬૧.૨૩ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રામાં એમસીએક્સ પર ૨૫૮૭૫૯ સોદામાં રૂ. ૧૭૮૬૧.૨૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનું તેજ હતું, જ્યારે ચાંદી ઢીલી હતી. બિનલોહ ધાતુઓમાં એકંદરે ઘટાડો હતો. એનર્જીમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને ઘટી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં ૩૨,૬૭૫ ગાંસડીના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યા હતા. સીપીઓ અને મેન્થા તેલમાં સુધારા સામે કપાસમાં નરમાઈ હતી.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૭૧૧૯૩ સોદાઓમાં રૂ. ૧૧૦૬૩.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૦૮૦૯ ખૂલી, ઊપરમાં રૂ. ૫૦૯૪૮ અને નીચામાં રૂ. ૫૦૫૭૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૧ વધીને રૂ. ૫૦૮૫૧ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૬ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૪૦૯૩૦ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૮ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૫૦૭૧ થયા હતા, જ્યારે સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૯ વધીને બંધમાં રૂ. ૫૦૯૧૧ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૬૧૧૩૭ ખૂલી, ઊપરમાં રૂ. ૬૧૪૦૦ અને નીચામાં રૂ. ૬૦૫૧૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૧૧ ઘટીને રૂ. ૬૦૭૭૯ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ. ૩૮૧ ઘટીને રૂ. ૬૦૯૨૧ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ રૂ. ૪૦૬ ઘટીને રૂ. ૬૦૯૦૨ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૪૭૯૯ સોદાઓમાં રૂ. ૨૦૯૫.૦૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૧૫૫ ખૂલી, ઊપરમાં રૂ. ૩૧૫૫ અને નીચામાં રૂ. ૩૦૫૭ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫ ઘટીને રૂ. ૩૧૦૧ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૩૧૨૨ સોદાઓમાં કુલ રૂ. ૩૦૬.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જુલાઈ વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૦૨૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૦૮૦ અને નીચામાં રૂ. ૧૫૭૦૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૦ ઘટીને રૂ. ૧૫૯૯૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૭૩૮.૪ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬.૧ વધીને બંધમાં રૂ. ૭૪૫.૪ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૯૨૦ ખૂલી, ઊપરમાં રૂ. ૯૩૫ અને નીચામાં રૂ. ૯૨૦ રહી, અંતે રૂ. ૯૩૨.૮ બંધ રહ્યો હતો. કપાસ નવેમ્બર વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૩૬.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૩૬.૫ અને નીચામાં રૂ. ૯૩૬.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૮.૫૦ ઘટીને રૂ. ૯૩૬.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૩૦૨૨૪ સોદાઓમાં કુલ રૂ. ૫૧૭૭.૧૯ કરોડ ની કીમતનાં ૧૦૧૭૯.૦૨૮ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૪૦૯૬૯ સોદાઓમાં કુલ રૂ. ૫૮૮૫.૯૨ કરોડ ની કીમતનાં ૯૬૪.૫૨૩ ટન, ક્રૂડ તેલમાં ૨૭૮૨૫ સોદાઓમાં રૂ. ૧૩૨૩.૫૩ કરોડનાં ૪૨૮૨૯૦૦ બેરલ્સ, કોટનમાં ૭૦૬ સોદાઓમાં રૂ. ૫૨.૬૨ કરોડનાં ૩૨૬૭૫ ગાંસડી, સીપીઓમાં ૨૨૫૦ સોદાઓમાં રૂ. ૨૩૮.૨૨ કરોડનાં ૩૨૩૩૦ ટન, મેન્થા તેલમાં ૧૪૧ સોદાઓમાં રૂ. ૧૪.૮૫ કરોડનાં ૧૫૮.૭૬ ટન, કપાસમાં ૨૫ સોદાઓમાં રૂ. ૫૪.૧૫ લાખનાં ૧૧૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૩૫૭.૧૦૮ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૩૮.૧૫૯ ટન, ક્રૂડ તેલમાં ૩૯૪૧ બેરલ્સ, કોટનમાં ૧૦૦૮૨૫ ગાંસડી, સીપીઓમાં ૭૭૨૦૦ ટન, એલચીમાં ૦.૫ ટન, મેન્થા તેલમાં ૧૬૫.૨૪ ટન અને કપાસમાં ૬૦૪ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૧૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૩૩૩ અને નીચામાં રૂ. ૧૮૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૭૬.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૦.૫ અને નીચામાં રૂ. ૫૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૬.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૬૨૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૨૨૮૦.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૨૩૮૦ અને નીચામાં રૂ. ૨૧૩૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૩૦૬ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૨૬.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૫૦૦ અને નીચામાં રૂ. ૩૭૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૮૯.૫ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૧૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૫૬ ખૂલી, ઊપરમાં રૂ. ૧૭૨.૯ અને નીચામાં રૂ. ૧૩૮.૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૯.૪ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૧૮ ખૂલી, ઊપરમાં રૂ. ૧૩૦ અને નીચામાં રૂ. ૧૦૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧૫.૭ બંધ રહ્યો હતો.

## ૨૪ કલાકમાં ગુજરાતના ૯૦ તાલુકામાં વરસાદ

# ઉમરપાડા અને ઉંમરગામમાં ૪ ઈંચ તો સોનગઢમાં બે કલાકમાં ૩ ઈંચ વરસાદ

ગાંધીનગર,તા.૨૪

રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૦ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ સુરતના ઉમરપાડામાં ૪ ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો છે. વલસાડના ઉમરગામમાં પણ ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. સુરતના ચોર્યાસી તાલુકામાં પોણા ચાર ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો છે. તો ભરૂચના વાગરામાં ૩ ઈંચ જેટલો વરસાદ, વલસાડ સિટી અને ભરૂચના અંકલેશ્વર અને ભરૂચમાં પોણા ત્રણ ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના આઠ તાલુકામાં બે ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો છે. રાજયના ૧૧ તાલુકામાં ૧ ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો છે. આજે સવારથી આઠ વાગ્યા સુધીમાં રાજયમાં ૩૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે. તો તાપીના સોનગઢમાં ૩ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. તાપીના વ્યારામાં પોણા ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. તો ભાવનગર સિટીમાં ૨ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આજે સવારથી રાજયના આઠ તાલુકામાં ૧ ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો છે. આજે સવારથી પડી રહેલા વરસાદ સાર્વત્રિક પ્રમાણમાં દક્ષિણ ગુજરાત સૌરાષ્ટ્ર મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે તાપીના કેટલાક વિસ્તારોમાં વરસાદ શરૂ છે. કેટલાક વિસ્તારોમાં વહેલી સવારથી જ વરસાદ શરૂ છે. આશરે દસ દિવસના વિરામ બાદ વરસાદ શરૂ થતાં ખેડૂતોમાં ખુશી છવાઈ છે. જિલ્લાના વડા મથક વ્યારામાં પણ વરસાદ શરૂ છે. અન્ય કેટલાક વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે ઝરમર ઝરમર વરસાદ શરૂ છે. તાપીમાં આજે સવારે ૬ થી ૮ કલાક દરમ્યાન પડેલ વરસાદના આંકડા પર નજર કરીએ તો, ડોલવણમાં ૫ મિમી, વ્યારામાં ૬૨ મિમી, વાલોડમાં ૧ મિમી, સોનગઢમાં ૭૧ મિમી ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા તાલુકામાં વરસાદ નહિવત છે.

અરવલ્લી જિલ્લામાં સવારે ૬ થી ૮ વચ્ચે સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. મેઘરજ અને મોડાસા તાલુકામાં ૧.૫ ઈંચ વરસાદ વરસ્યો છે. તો માલપુર, બાયડ, ધનસુરામાં અડધો ઈંચ વરસાદ નોંધાયો છે. સાર્વત્રિક વરસાદથી ચોમાસુ પાકને જીવતદાન મળ્યું છ. હાલ સમગ્ર જિલ્લામાં સામાન્ય ઝરમર વરસાદ વરસી રહ્યો છે.

# ઘોઘામાં ૧ ઈંચ વરસાદ, રસ્તાઓ પર પાણી ભરાયા

ભાવનગર,તા.૨૪

રાજયમાં ૫ દિવસ હળવા અને મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં છૂટોછવાયો ભારે વરસાદ આવી શકે છે. ત્યારે હવામાન વિભાગની આગાહી પ્રમાણે ભાવનગરમાં એક દિવસના વિરામ બાદ આજે સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ જામ્યો છે. કડાકા ભડાકા સાથે ભાવનગરમાં ધોધમાર ૨ ઈંચ અને ઘોઘામાં ૧ ઈંચ વરસાદ ખાબકતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. ધોધમાર વરસાદથી રસ્તા પર પાણી ભરાયા છે. આજે વહેલી સવારથી ભાવનગરમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ કરી હતી. ૪૫ મિનિટમાં ભાવનગરમાં ૨ ઈંચ વરસાદ પડ્યો છે. ભાવનગર ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો છે.

ઘોઘા પંથકમાં પણ દોઢ ઈંચ વરસાદ પડ્યો છે. ભાવનગર શહેરમાં ૪૬ મીમી વરસાદ નોંધ્યો છે. ઘોઘામાં ૨૯ મીમી વરસાદ નોંધાયો છે, જ્યારે ઘોઘામાં એક ઈંચ વરસાદ આવ્યો છે. ભાવનગરમાં ૪૫ મિનિટ સુધી કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ પડતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. શહેરના માર્ગો પરથી પાણી ફરી વળ્યા હતાં. ધોધમાર વરસાદને લઈને વહેલી સવારે નોકરી-ધંધા પર જતા લોકો અટવાયા હતા. આ સાથે જ રસ્તા પર પાણી ભરાય જતાં વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આકાશમાં કાળા ડિબાંગ વાદળો ચડી આવ્યા હતા અને પવન સાથે ધોધમાર વરસાદનું આગમન થતા ગરમીથી ત્રસ્ત લોકો ખુશ થયા હતા. તાપી જિલ્લામાં પણ ગાજવીજ સાથે વરસાદ વરસી રહ્યો છે.

# રાજ્ય સરકાર સંચાલિત ટોલનાકા પર રોકડમાં જ ટોલ ભરવા દબાણ

વડોદરા,તા.૨૪

રાજ્ય સરકાર સંચાલિત ટોલનાકા પર ટોલ ટેક્સ વસૂલવા ફાસ્ટેગનો અમલીકરણ શરૂ થઈ શકતું નથી. જ્યારે ઓનલાઇન પેમેન્ટ પર આખો દેશ કાર્ય કરી રહ્યો છે ત્યારે આ ટોલનાકા પર રોકડમાં જ ટોલ ટેક્સ ભરવા દબાણ કરવામાં આવે છે. રાજ્ય સરકારની બેવડી નીતિને પગલે આ ટોલનાકા પર કંપની દ્વારા ડિસ્કાઉન્ટવાળા પોતાના ફાસ્ટેગ જેવા સ્ટિકરો શરૂ કરાયા છે. જે માત્ર કંપનીની બસ અને નાના કોમર્શિયલ વાહનો માટે ઉપયોગી થાય છે.

જ્યારે ૧૩૦૦ રૂપિયા જેવી માતબર રકમનો ટેક્સ ચૂકવનાર શ્રી એક્સલ ટેક્રર માટે રોકડમાં ટોલ ટેક્સ ચૂકવવો પડે છે. વડોદરાથી હાલોલ અને આગળ ગોધરા પાસે રાજ્ય સરકારના ટોલ બૂથ પર ટોલ ચૂકવવાનો હોય છે. જેના પરથી રોજ ટ્રક અને ટેક્રર મળી ૧૦ હજાર વાહનો પસાર થાય છે. હાલોલ ટોલ બૂથના મેનેજર શૈલેન્દ્ર રાજપૂતે જણાવ્યું કે ફાસ્ટેગના પૈસા કેન્દ્ર સરકારના ખાતામાં જમા થાય છે. તેમાંથી રાજ્ય સરકારને પૈસા આપવાના નીતિ વિષયક નિર્ણયનો ઉકેલ આવ્યો નથી.

## સુરત શહેરમાં સતત ત્રીજા આઈપીએસ અધિકારી કોરોનાથી સંક્રમિત

# ગુજરાતના વધુ એક સિનિયર IPS હરિકૃષ્ણ પટેલ કોરોના સંક્રમિત



સુરત,તા.૨૪

કોરોના સંક્રમણને લઇ રાજ્યમાં ગૃહવિભાગ એક્શનમાં આવી ગયું છે. સુરતમાં આઈપીએસ હરેકૃષ્ણ પટેલ કોરોના સંક્રમિત થયા હોવાના અહેવાલ મળી રહ્યા છે. આઈપીએસ હરેકૃષ્ણ પટેલને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તેમને હોમ આઈસોલેટ કર્યા છે. સુરતમાં ઓએસડી તરીકે હરેકૃષ્ણ પટેલ સેવા આપે છે. ગુજરાતના વધુ એક આઈપીએસ અધિકારી કોરોના પોઝિટિવ આવ્યા છે. સુરત શહેરમાં સતત ત્રીજા આઈપીએસ અધિકારી કોરોનાથી સંક્રમિત થયાના અહેવાલ મળી રહ્યા છે. સુરત શહેરમાં કોરોનાના કેસો વધવાના કારણે સુરતના ઘણા મોટા વિસ્તારમાં કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે.

આ કન્ટેન્મેન્ટ ઝોનની સુપરવિઝનની જવાબદારી આઈજી હરિકૃષ્ણ પટેલને સોંપવામાં આવી હતી અને સતત આ વિસ્તારમાં કામ કરવાના કારણે તેઓ સંક્રમિત થયા હોવાનું માનવામાં આવી રહ્યું છે. સુરતના આઈજી હરિકૃષ્ણ પટેલને કોરોના પોઝિટિવ હોવાના લક્ષણો દેખાયા હતા તેના કારણે જ તેમણે રિપોર્ટ કરાવ્યો હતો અને રિપોર્ટ આજે પોઝિટિવ આવતા તેઓ હોમ કોરોન્ટાઈન થયા છે. ગુજરાતમાં હાલમાં કોરોનાની સ્થિતિ ખુબ જ વિસ્ફોટક છે અને સૌથી વધુ કોરોનાના કેસો સુરત શહેરમાંથી સામે આવી રહ્યા હોવાથી સુરતની મોટા ભાગની હોસ્પિટલો કોરોના પોઝિટિવ દર્દીઓથી ઉભરાઈ રહી છે, ત્યારે આઈજી હરિકૃષ્ણ પટેલે સુરતની કોઈ ખાનગી કે સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવાના બદલે પોતાના ઘરે જ હોમ કોરોન્ટાઈન થઈ ગયા છે.

અગાઉ સુરત સીપી રહી ચૂકેલા આઈપીએસ હરેકૃષ્ણ પટેલને સુરતમાં આઈજી તરીકે મૂકાયા છે, જ્યારે મહિલા આઈપીએસ નિરજા ગોટરુને અમદાવાદમાં એડમિનિસ્ટ્રેશન અને હેડક્વાર્ટરનો બે વધારાના ચાર્જ સોંપાયા છે. આ અગાઉ સુરત શહેરમાં પ્રોબેશનલ આઈપીએસ સુશિલ અગ્રવાલ બંદોબસ્તમાં આવ્યા હતા ત્યારે તેમનો કોરોના પોઝિટિવ આવ્યો હતો. ત્યારબાદ સુરતના મહિલા ડીસીપી વીધી ચૌધરીનો પણ કોરોના પોઝિટિવ આવ્યો હતો. ત્યારબાદ સુરતના વધુ એક આઈપીએસ આઈજી હરિકૃષ્ણ પટેલનો કોરોના પણ પોઝિટિવ આવ્યો છે.

# કોરોનાના કારણે રેલ્વેને ૧૭૯૭ કરોડનું નુકસાન

અમદાવાદ,તા.૨૪

કોરોનાના કારણે લૉકડાઉન બાદથી ૧૯ જુલાઈ સુધી ટ્રેનો રદ થતા રેલવેએ ૬૧.૨૭ લાખ પેસેન્જરોને ટિકિટના કેન્સેશન ચાર્જ પેટે અમદાવાદ ડિવિઝનમાં ૨૨.૨૩ કરોડ સહિત પશ્ચિમ રેલવેમાં ૩૯૯ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. કોરોના મહામારીને પગલે લૉકડાઉન જાહેર થયા બાદથી અમદાવાદ સહિત દેશભરમાં ટ્રેનોનું સંચાલન બંધ છે. જેના પગલે પેસેન્જરોએ રિઝર્વ કરાવેલી ટિકિટો કેન્સલ થતાં રેલવે પેસેન્જરોને ૧૦૦ ટકા રિફન્ડ ચૂકવી રહી છે. પશ્ચિમ રેલવેએ અત્યાર સુધી ટિકિટના રિફન્ડ પેટે પેસેન્જરોને ૩૯૯ કરોડ રૂપિયા ચૂકવ્યા છે. રેલવે અધિકારીએ જણાવ્યું કે, કોરોના વાઈરસને કારણે પશ્ચિમ રેલવેને આવક પેટે થયેલા ૧૭૯૭ કરોડના નુકસાનમાંથી સબઅર્બન સેક્શનમાં ૨૬૩ કરોડનું તેમજ નોનસબઅર્બન સેક્શનમાં ૧૫૨૧ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. લૉકડાઉન બાદથી ૧૯ જુલાઈ સુધી ટ્રેનો રદ થતા રેલવેએ ૬૧.૨૭ લાખ પેસેન્જરોને ટિકિટના કેન્સેશન ચાર્જ પેટે અમદાવાદ ડિવિઝનમાં ૨૨.૨૩ કરોડ સહિત પશ્ચિમ રેલવેમાં ૩૯૯ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. લૉકડાઉન બાદ ટ્રેનોનું સંચાલન બંધ કરી દેવાયું હતું. આ સમય દરમિયાન ૧ મેથી અમદાવાદ સહિત દેશભરમાં શ્રમિક સ્પેશિયલ ટ્રેનો શરૂ કરાઈ છે. ત્યારબાદ ૧૨ મેથી ૩૦ રાજધાની સ્પેશિયલ ટ્રેનો અને ૧ જૂનથી ૨૦૦ મેલ એક્સપ્રેસ વિશેષ ટ્રેનો શરૂ કરવામાં આવી છે. જ્યારે આગામી દિવસોમાં વ્યસ્ત રૂટ પર વધુ ટ્રેનો શરૂ કરવાની કવાયત હાથ ધરી છે. લૉકડાઉન બાદ ૧ જૂનથી શરૂ થયેલી ટ્રેનોમાં લોકો એડવાન્સ બુકિંગ કરાવી રહ્યા છે. જેમાં શરૂઆતમાં રિઝર્વેશન કરાવનારા લોકોની સંખ્યા ખૂબ જ ઓછી હતી, પરંતુ હવે ટ્રેનમાં પેસેન્જરોની સંખ્યા ધીમેધીમે વધી રહી છે. અમદાવાદ સ્ટેશન પર હાલમાં દરરોજ સરેરાશ ૬૦૦થી ૭૦૦ પેસેન્જરો રિઝર્વેશન કરાવે છે. જ્યારે અમદાવાદ ડિવિઝનના ૪૫ સ્ટેશન પર આવેલા કુલ ૫૯ કાઉન્ટર પરથી રોજના સરેરાશ ૨૬૦૦થી ૨૭૦૦ પેસેન્જરો રિઝર્વેશન ટિકિટ બુક કરાવે છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

**NG 0016**
**Current Topic :- પદ્ય**
શીર્ષક :- હાય! કોરોના
હાય!કોરોના...હાય!હાય!
તારું નખ્ખોદ જાય...હાય!હાય!
તેં બાંધ્યા ઘેર...હાય!હાય!
વેપાર બધા...હાય!હાય!
વેરણ છેર... હાય!હાય!
ના માવો મળે...હાય!હાય!
ના મસાલો...હાય!હાય!
કામ ધંધા બંધ...હાય!હાય!
રજનીગંધા બંધ...હાય!હાય!
છીંક...ઉધરસ...હાય!હાય!
જો ને ડરાવે...હાય!હાય!
ભીડ જોઈ...હાય!હાય!
ભૈ બહુ ડર લાગે...હાય!હાય!
એકાંત પાછું....હાય!હાય!
કોરી ખાતું...હાય!હાય!
રાત્રે જાગું...હાય!હાય!
દાડે ઊંઘું...હાય!હાય!
વિચિતર બધું...હાય!હાય!
કેમનું આ થાતું...હાય!હાય!
જુવાનીયાના...હાય!હાય!
કરમ ફૂટ્યાં... હાય!હાય!
ના મીંઢળ બાંધ્યા...હાય!હાય!
ના ઢોલ ઢબુકયા...હાય!હાય!
નવોઢાની હાથે...હાય!હાય!
મહેંદી સુકાઈ...હાય!હાય!
એના આંસુડાં...હાય!હાય!
તને દેશે શાપ...હાય!હાય!
કોરોના તારું...હાય!હાય!
જા નખ્ખોદ જાય...હાય!હાય!
દવા શોધો...હાય!હાય!
દરદ થાય...હાય!હાય!
માણસ જ્યારે...હાય!હાય!
ગુજરી જાય...હાય!હાય!
ના મોં જોવાય...હાય!હાય!
ના બેસણું થાય...હાય!હાય!
ના બારમું થાય...હાય!હાય!
શેર માટીનો પિંડ...હાય!હાય!
માટી ભેરો થાય...હાય!હાય!
માટે કહું છું...હાય!હાય!
માણસ થા...હાય!હાય!
જયેશ ઓઝા "અગન"

--------------------------------------

**NG No. : 0058**
વિભાગ.. : કરંટ ટોપીક
શીર્ષકઃ ક્યાં ખબર હતી.
કોરોના કાળ બનીને આવશે, એવી
ક્યાં ખબર હતી ?
સાવ અચાનક ભેટી જશે, એવી ક્યાં
ખબર હતી ?
કહેતાં"તાં સૌ, સાચવજો ગમે ત્યાંથી
આવી જશે ;
સાવધાની રાખી તોય, ડોકાશે એવી
ક્યાં ખબર હતી ?
ફાળ પડી'તી, કોરાના પોઝીટીવ
સાંભળીને, પણ ;
આટલો જલ્દી ભરખી જશે, એવી ક્યાં
ખબર હતી ?
કહેવું શું ? પૂછવું શું ? કોઈ જ
આદાન-પ્રદાન નહિ ;
મનની મનમાં જ રહી જશે, એવી
ક્યાં ખબર હતી ?
એમને પરિવાર હૂંફ ને પ્રેમ આપવા
તત્પર હતાં, છત્તાં ;
એકલાં મોત સામે લડવું પડશે, એવી
ક્યાં ખબર હતી ?
કહેતાં હતાં બધાંને, સૂતા છે
હોસ્પીટલનાં બિછાને ;
ત્યાંથી સીધા સ્મશાને જશે, એવી ક્યાં
ખબર હતી ?
અંતિમ વિદાયે ના મોઢું જોવાશે, ના
અગ્નિદાહ દેવાશે ;
આવી વિટંબણા સહેવી પડશે, એવી
ક્યાં ખબર હતી ?
આઘાતની વસમી વેળાંએ પરિવાર
એકલો જ રહેશે ;
બેસણું પણ ટેલીફોનીક થશે, એવી
ક્યાં ખબર હતી ?
"સ્નેહી-સ્વજન" અચાનક, મમતાનો
આંચળ સેરવી ;
આટલા જલ્દી પ્રભુ દ્વારે જશે, એવી
ક્યાં ખબર હતી ?
પ્રીતિ શાહ ("અમી-પ્રીત")

--------------------------------------

કરંટ ટોપિક
**NG no.- 0071**
કોરોનાથી કંટાળ્યા
કોરોનાથી કંટાળ્યા ભાઈ કંઈક મજાની
વાત કરો.
ઘરમાં સૌને સંતાડયા ભાઈ કંઇક
મજાની વાત કરો
નોકરી ધંધો પડતો મૂક્યો, ફરવા
બરવા મળતું નહિ.
રાતદિવસ બસ ઊંગાડયા ભાઈ કંઈક
મજાની વાત કરો.
ડ્રોઈંગરૂમથી બેડરૂમનો ટુંકો પ્રવાસ
થાતો રહે,
ટાંટિયા ટૂંટિયું જો વાળ્યા ભાઈ કંઇક
મજાની વાત કરો.
મમ્મી થાકી,પપ્પા થાક્યા,થાક્યા
બાળક થાક્યા વૃધ્ધ,
એકમેકને નિહાળ્યા ભાઈ કંઇક મજાની
વાત કરો.
પોલીસવાળા ડંડા લઈને મારી મારી
થાક્યા છે,
ઘર બાજુ પાછા વાળ્યા ભાઈ કંઇક
મજાની વાત કરો.
કોરોનાનો ત્રાસ થયો ને બાળકોને
હાશ થઇ,
પાસ કરી આગળ કાઢ્યા ભાઈ કંઇક
મજાની વાત કરો.
સહરાનું રણ લાગે ધરતી,કુદરત જ્યારે
રૂઠે છે,
લાશોના ઢગલા ઢાળ્યા ભાઈ કંઇક
મજાની વાત કરો.
ઘરમાં રહેશો તો જીવશો જો બહાર
ગયા પિકચર પૂરું,
"દીપ" ઘરોમાં અજવાળ્યા ભાઈ કંઇક
મજાની વાત કરો.
દીપક સિંહ સોલંકી દીપ આણંદ ૧૫ ગા

--------------------------------------

**NG.No/77**
પ્રકાર :પદ્ય
કરંટ ટોપીકઃ કોરોના માટે પ્રભુને
પ્રાર્થના
પ્રાર્થના
કર જોડી કરીએ નમન.
હે પ્રભુ,
બહું થયું.
હવે તો કર તું આ કોરોનાનું શમન...!
સઘળી ભલાઈ ને સઘળી બુરાઈ ,
હવે તો બધી ય
બારણે પુરાઈ...!
થઈ ગયાં બધાંય ગુણ ને અવગુણના
વમન,
હવે તો કર ને આ કોરોનાનું
ગમન...!
તું કહે તો સઘળું ય દઈએ તારા પર
ઓવારી,
હે પ્રભુ,
હવે તો રોક ને આ ભયંકર
ખુવારી...!
કરતાં સહુ આર્તનાદ,
સાંભળ સહુની પ્રાર્થના,
ભગાડ આ ભૂતાવળ કોરોના ...!
થયા સહુ બહુજન ત્રાહીમામ ,
હે પરમકૃપાળુ પરમેશ્વર...
પાહીમામ પાહીમામ,
તારા ચરણોમાં અર્પણ ચારે ધામ...!
નમો નમો..!
હે શંકરા..!
સુન અમારી અર્ચના,
દુર ભગાડ આ કોરોના...!
ઋતંભરા વિશ્વજીત
ઋત્વિશ્વ

--------------------------------------

ન્યૂઝ ઓફ ગાંધીનગર.
કરંટ ટોપિક - કોરોનાથી પ્રસરેલી
કરુણતા
**NG No. - 60**
શું આ તેં કર્યું જગદાધાર,
સુણ, બાળ તારાં કરે પોકાર.
તુજ વિના નથી કોઈ આધાર,
તું જ કરે તો કરે વ્હાર.
કર્મોનાં ફળ છે આ, જાણું છું.
તો પણ હું તુજને પોકારું છું.
કોઈનાં કર્યા ભરે છે કોઈ,
આ ન્યાય કરતાં શું તારી આંખ ન
રોઈ?
ઘેર તારાં હતી દેર, જાણું છું.
પણ આવો અંધેર કેમ માનું હું?
તાકાત સામે તારી સદા નતમસ્તક હું,
હવે વિશ્વ સારુંયે માનવા લાગ્યું છે,
જાણું છું હું.
ધન દોલત, બંગલા, ગાડી કાંઈ કામ
આવે નહી.
કરેલાં કર્મોનું ફળ મળે જ અહીંનું
અહીં.
નિર્દોષોનો પોકાર સાંભળશે જ તું,
નહીં જાય વ્યર્થ પોકારવું અમારું.
ભગવતી પંચમતીયા. 'રોશની'

--------------------------------------

**NG No - 0068**
વભાગ - કરંટ ટોપિક
શીર્ષક -"શ્રાવણ માસની સવાર"
" પ્રિત કી લત મોહે એસી લાગી,
હો ગઈ મે મતવારી,
બલ બલ જાઉ અપને પિયા કો,
હે મે જાઉં વારી વારી,
મોહે શુદ્ધ બુદ્ધ ના રહી તન મન
કી,
યે તો જાને દુનિયા સારી "
કૈલાસ ખેરનું આ ગીત શ્રાવણ
માસમાં વહેલી પરોઢે સાંભળવા મળે
જ છે. શ્રાવણમાસમાં દરેક ભક્ત
દિલથી ભગવાન શિવજીની આરાધના
કરે છે અને આખો શ્રાવણમાસ
ઉપવાસ કરે છે. સવારે ઉઠતાંની
સાથે જ ભજનો સાંભળી મનને
શાંતિનો અનુભવ થાય છે.
શ્રાવણમાસના ચાર સોમવાર ઉપવાસ
કરવાથી મનમાં શાંતિ ને ડોકટરો
પણ કહેતાં જ હોય છે કે મહિનામાં
ચાર પાંચ દિવસ ઉપવાસ એ સ્વાસ્થ્ય
માટે હિતાવહ છે.
કહેવાયું છે કે ફૂલ - દૂધ નહિ
ચડાવો તો ચાલશે, નહાયેલા નહિ
હો તો ચાલશે, પણ મનને ધોઈ
મતલબ સાફ મનથી કરેલી અર્ચના
ક્યારેય નિષ્ફળ જતી નથી.
શ્રાવણમાસની સવારે બધાં વહેલા
ઊઠીએ જ છીએ પરંતું દરેક સવાર
એવી જ હોય એટલે કે વહેલી સવારે
તારાઓ ટમટમતા જોવા મળે અને
તૂટતાં તારાઓ પણ ને સાથે સાથે
પંખીઓનો કલરવ ને ચંદ્રમાં ખુદ
જાણે એક ડીમ બલ્બ હોય એટલી
રોશની ફેલાવતા આ દ્રશ્યને જોતાં
જોતાં શિવજીના ભજનો કાનમાં
સંભળાય છે.... આહા... આ
અનુભૂતિ જ કંઇક અલગ ને વિશેષ
છે!!
" શ્રાવણમાસના ચાર સોમવાર,
દરરોજ સાથે હશે પરિવાર,
લઈશું શિવજીનું નામ વારંવાર,
બસ આવી જ હશે દરેક સવાર"
નાથબાવા ચાંદની સોમનાથ."ચાંદ"
- માંડવી કચ્છ

--------------------------------------

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/ માલિક) (M-9824653073)
નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
સંચાલક - જીજ્ઞા કપુરિયા
સહ સંચાલક - મનીષ વોરા
સંપર્ક : Email : prdpraval42@gmail.com


--------------------------------------

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ

A typical bed bay in the Nightingale




Source: BDP/BBC research BBC



## આ છે લંડનનું 'નાઇટિંગેલ હોસ્પિટલ'

કોવિદ19 નો પડછાયો પડતાની સાથે જ 4000 ખાટલા (બેડસ) જેની સાથે વેન્ટિલેટર અને હવાની મુવમેન્ટ વાળું ગાદલું જેથી દર્દીને પાછળ ભાઠા ના પાડી જાય અને દરેક ખાટલાની ને માટે 'ક્યુબીકલ' હોઈ તેવી વ્યવસ્થા ફક્ત બે અઠવાડિયામાં જ ઉભી કરી દીધી હતી. આવા બીજા પાંચ થી છે હોસ્પિટલો મોટી મોટી કોન્ફ્રન્સની જગાઓમાં બનાવી તૈયાર રાખ્યા હતા. મૂળ વાત તો એ છે કે ઈંગ્લેન્ડમાં કોઈપણ માણસ ને તપાસવાથી મડી અને હોસ્પિટલ માં મળતી બધી સુવિધાઓ 'મફત' સરકાર તરફથી આપે છે. દવાઓ માં પણ દરેક કડવા ઉપર એક નક્કી કરેલો દર આપવો પડેછે. પછી તે ગમે ટેટલિ મોંધી કેન માં હોઈ. ગર્ભવતી, બિરોડ ના દર્દીઓ અને 65 વર્ષોની ઉપરણાને મફત દવા આપેછે. આનું નામ હેલ્થ સર્વિસ કહેવાય જે નો લોકોને કાયદેસર હક્ક મળે છે. Xray, scan કે blood test નો કોઈ પણ ફી આપવાની નથી હોતી. લોકો પણ જો કોઈ પક્ષ આ સુવિધા ઉપર ધ્યાન ન આપે તો તેને વોટ નથી આપતા. હીંના સમાચાર પત્રો કે પત્રકારો સરકાને અને વાળા પ્રધાનને કે છાતી ઠોકીને પ્રશ્નો પૂછે છે અને મિનિસ્ટરોની જવાબદારી માંથી ભાગવા દેતા નથી. દરરોજ વાળા પ્રધાન, સ્વાસ્થ્ય મિનિસ્ટરો અને સરકાર ઓફિસરોને જવાબ આપવા પડે છે. કોવિદ દરમયાન 80% ઉપરાંત પગાર સરકર લોકોને આપી તેમની નોકરી જાળવી રાખે છે. ધંધા માલિકોને મ્યુનિસિપાલ્ટીના રેઈટ ફ્રી અને ઉપરથી પૈસા આપે છે કે તમેની કંપની બંધ ના થાઈ જાય. અહીં ડોકટરો અને નર્સો ઉપર ચાંપતી નજર રખાય છે અને હોસ્ટિપટલ નું ઇન્સ્પેકશન થાય છે અને ખરાબ પ્રેક્ટિસ ના દાખલ બહાર આવે પગલાં લેવાય છે. ડોકટરોનું લાયસન્સ કેન્સલ થતા વાર નથી લગતી.




# દાંતા તાલુકામાં ગંગવા ગામમાં તલાટી સતત ગેરહાજર રહેવાની ફરિયાદો

દાંતા તાલુકાના ગંગવા ગામમાં તલાટી સતત ગેરહાજર રહેવાની ગામ લોકોની ફરિયાદો છેલ્લા તલાટી ઘણા સમયથી ઘરે હાજર રહેવાની આખા ગામમાં ઉઠી રહી છે ફરિયાદો ગામના લોકો ખાઈ રહ્યા છે .

ધર્મના ધક્કા ગામના લોકોના નથી થતા કામ તલાટી પોતાની મનમાની ચલાવી સરકારી ઓફિસને પોતાની મિલકત સમજી નથી રહેતા ગ્રામ પંચાયતમાં હાજર ગામની ભોળી પ્રજા ખાઈ રહી છે ધર્મના ધક્કા ગંગવા ગામ ખદબદી રહ્યું છે

ગંદકીથી તલાટીની જવાબદારી ઉપર અનેક સવાલો ગંગવા ગામના તલાટી સરકારનો ખોટો ખાઈ રહ્યા છે પગાર ગંગવા ગામની પ્રજા સાથે અન્યાય ગંગવા ગામમાં એન્ટ્રીની સાથે ગામમાં ગંદકી નું સામ્રાજ્ય ગામમાં ગામની ગ્રામ પંચાયત જોતાં ગામનો વિકાસનો લોકો ને ખ્યાલ આવી જતો હશે ગામમાં સ્ટેટ લાઈટો કઈ કંપની ની લગાવવામાં આવી છે તેની તપાસ દાંતા તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા કરવામા આવે ગણતરીના દિવસોમાં લગાવેલી લાઈટો અમુક બંધ હાલતમાં ગંગવા ગામમાં કરેલા કામોની તપાસ તાલુકા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ.. લક્ષ્મણ ઠાકોર અંબાજી

# પ્રમોદપટેલ એક નામી ચિત્રકાર..




ગુજરાતના ભરૂચના આ કલાકારનો જન્મ સન ૧૯૨૫ ની ૨૫ જુલાઈએ મુંબઈ મુકામે એક ગર્ભ શ્રીમંત કુટુંબ માં થયો હતો.આજે જો હયાતી હોત તો તેઓ ૯૫ વર્ષના હોત.આજ તેમના જન્મ દિવસ નિમ્મિતે તેમને સ્મરણાંજલી આપતા ગુજરાતના એક ગણતરીઓમાં ગણાંતા ચિત્રકારને હું તેમની દીકરી જયશ્રી પટેલ સતસત પ્રણામ કરું છું ને તેમના કુટુંબ તરફથી સાદર પ્રણામ કરું છું.

ભણતર ભરૂચની પોગ્રેસીવ શાળામાં થયું .

આર્યુવેદિક નો અંતિમવરસ સુધીનો અભ્યાસ ,પછી અચાનક જ પીંછી હાથ માં આવી ને અભ્યાસ અપૂર્ણ રાખી પુનાથી ભરૂચ પાછાફર્યા

ગુજરાતી,મરાઠી,હિન્દી ,સંસ્કૃત અને અંગ્રેજી ભાષાના જાણકાર.

પીંછી અને રંગ કદાચ જન્મથી કલાકાર હોય તેને ઓળખી કાઢતા હોય છે.સફેદ કેનવાસ પર જ્યારે સુંદર રંગો નો મેળાપ થાય અને કૃતિ જન્મે તે કલાકાર ની સાચી કલા હોય છે.ભણતા ભણતા માંડ માંડ ડ્રોઈંગ ની પરીક્ષા પાસ કરી.પૂના અભ્યાસ કરતા કરતા લાગતું કાંઈક ખૂટે છે ત્યારે કોરા કાગળ પર પેન્સિલ રંગો દ્વારા મન થી ચિત્ર ઉપસી આવતું .કલ્પના માં સ્ત્રી હમેશાં માંજરી આંખો વાળી જ ચિત્રિત થતી ને ઉપરથી બનતી જોડી મળી એવી જ આબેહૂબ પત્નીવિજ્યા. જે દરેક ચિત્ર ની કલ્પના મૂર્તિ બની રહી.

સ્વપ્ન માં એક ચમત્કાર થયો ને નાસ્તિક માનવી ને આસ્તિક બનાવા શ્રી રંગ અવધૂત નો આદેશ મળ્યો મને મળી જા..!ઘણાં વિચારવિમર્સન પછી નર્મદાના તટ પર વસેલા નારેશ્વર મુકામે રંગ અવધૂતને મળવા ગયા.ત્યાં બાપજીના વિશ્વાસે ગુરૂલિલામૃતનો અભ્યાસ કરી તેના ૬૫ સુંદર ચિત્રો બનાવ્યા.અહિ ગુજરાતની કલાના પિતામહ પૂ શ્રી રવિશંકરરાવળ ના હસ્તકે બધા ચિત્રો ના પ્રદર્શન નાં ઉદ્દઘાટન થતા રહ્યા. નાસ્તિક માનવ આસ્તિક બની ગયો.

તેમના ચિત્રો માં ચિત્રકારીની છાપ બંગાળીશૈલી તેમજ ઈટલી ના શિલ્પી બર્નીની હતી.

"કુમાર" ધર્મયુગ અને ગુરૂલીલામૃત માં ચિત્રો છપાયા. કુમાર અને ધર્મયુગના મુખ પૃષ્ઠ પર તેમના ચિત્રો એ સ્થાન મેળવ્યું .ગંગા અવતરણ અને શિવ પાર્વતી તેમના પ્રિય ચિત્રો હતા.ઉમાશંકર જોષી ના ગંગોત્રી પુસ્તક પર નું મુખપૃષ્ઠ જયારે છપાયું ત્યારે ગુજરાતના ઘરે ઘરે નામ પહોંચ્યું.અન્ય કલાકારોમાં નંદબોઝ નું કલાન્ત શિવ એમનું પ્રિય ચિત્ર હતું .મીરાં તેમની કલાકૃતિમાં નું સુંદર ચિત્ર છે.ક્ષિતિજ..સાગર ને સરિતા ..જેવા ચિત્રો મા એમણે જાન પાથરી દીધી હતી.વાસુદેવાનંદ સરસ્વતી અને રંગઅવધૂત ની સુંદર મૂર્તિ હરદ્વારના ભારતમાતા મંદિર માં સંત મંદિરમાં બિરાજમાન છે.નરસોબાની વાડી માં પણ આ મૂર્તિ ઓ ને ચિત્રો છે.નારેશ્વરમાં પણ બાપજી ની મૂર્તિ પાછળ સુંદર વાસુદેવાનંદનું ચિત્ર બિરાજમાન છે.

ભરૂચમાં બે સંસ્થાના પ્રમુખ તરીકે દસ વર્ષ સેવા આપી હતી.કલામંડળ ને કલાનીકેતન એમના આ મંડળો એ ભરૂચને કલાવંતુ બનાવ્યું હતું .નરસિહ મહેતા જેવા વૈરાગી કલાકાર હતા.

ગુજરાત સરકારે ૨૦૧૮ ગુજરાતનો ૫૮મો ગૌરવ દિવસ ઉજવ્યો ને ભરૂચના કલાકાર તરીકે એમની પૌત્રી શૈલીના હાથમાં એવોર્ડ અર્પી યાદ કર્યા


એ એમનું સૌથી મોટું સન્માન.

નવેમ્બર ની ૧૩, ૧૯૮૮ ના દિવસે આ કલાકારનું ટૂંકી માંદગી થી અવસાન થયું .


તેઓ અમારા પિતાશ્રી હતા..પણ એક સારા કલાકાર હતા...ને આજે પણ લોકો ના હૈયા માં જીવંત છે..નારેશ્વરની મુલાકાતે જનારને જરૂર તેમના ૬૫ ચિત્રો જોવા મળશે.

વંદન આવા કલાકારને જેણે કલાને ક્યારેય કમાણી નહોતી બનાવી.??







મોટી દીકરી નિલાક્ષીની સ્મરણાંજલી????

મારા પાપા મારા પિતા તો હતા પણ વધારે મારા અંગત મિત્ર અને માર્ગદર્શક હતા .એવા મારા પાપાને સત્ સત્ વંદન .????????

નીલુ

પુત્રવધૂ છંદા મુંજાલ પટેલની સ્મરણાંજલી????

પૂ.પપ્પા ના જન્મદિને સતસત પ્રણામ??

તેઓ સંબંધે મારા સસરા હતા પણ મારા પિતા તુલ્ય હતા.સાચા માર્ગદર્શક ને મિત્રની જેમ રસ્તો બતાવનાર.

તેમની છત્રછાયામાં મે મારી જિંદગીના સુખદુખને વિસરી

કાર્ય કર્યુ.પુત્ર થી વધુ મને પુત્રવધૂ તરીકે ગણી ત્રીજી દીકરીનું સ્થાન અર્પ્યું.તેઓના ઉર્મિસભર શબ્દો આજે પણ જીવન જીવવા પ્રેરણા દાયક છે.

છંદા પટેલ

ભરૂચના કવિ લેખક શ્રી રમણીક અગ્રાવતના શબ્દોમાં

સ્મરણાંજલી..????

એક શાંત કલાધરની અણથક રંગછોળ ?
રમણીકઅગ્રાવત

શ્રી પ્રમોદભાઈ પટેલ એમના જીવનના અંતિમ દશકમાં હતા ત્યારે એમને મળવાનું બનેલું. એમની પહેલા હું બે 'પ્રમોદ'ને જાણતો હતો. એક વિવેચક પ્રમોદકુમાર પટેલ અને બીજા કટાક્ષચિત્રકાર પ્રમોદ પટેલ. ચિત્રકાર પ્રમોદભાઈ પટેલનાં અનેક ચિત્રોએ કળાસામયિક 'કુમાર'નાં આવરણોને શોભાવ્યાં છે. રંગોની ભરપૂરતા અને સૌમ્યતા એમનાં ચિત્રોનો વિશેષ હતો.

શાંત અને સરળ સ્વભાવના આ માણસને ચિત્રકાર કહેવો કે કવિ ગણવો કે નરવો ફિલસૂફ એવી મીઠી મૂંઝવણ સંપર્કમાં આવનારને થાય. હકારાત્મકતાથી છલોછલ ભરેલો કોઈ માણસ કેવો હોય તે તેમને જોઈને સમજાય. દમ(અસ્થમા)નો રોગ એમને પીડતો. પરંતુ એમના રોજબરોજના વર્તાવ કે વ્યવહાર કે એમની કળાને આ રોગ કશું કરી શકતો નહીં. માણસના વ્યવહારો કેટલી હદ સુધી નડી શકે તેની એમને પૂરી જાણ, પણ તેઓ નરી સરળતાથી સૌને પ્રેમ કરી શકે. ક્યાંય પણ મારું લખાયેલું નજરે ચઢે તો તરત લિખિત પ્રતિભાવ આપે. સ્પષ્ટ અને સોંસરી વાત. કશું સંતાડવું એમના સ્વભાવમાં નહીં. પોતાને શું ગમ્યું તે રળિયામણા હસ્તાક્ષરમાં ઘૂંટીને લખે. કેટલાય પોસ્ટકાર્ડમાં એક તરફ સુંદર ચિત્ર અને બીજી તરફ નીતરી અભિવ્યક્તિ. એક જ દિવસમાં ત્રણ-ત્રણ પોસ્ટકાર્ડ મેળવ્યાનું મને સ્મરણ છે.

ક્યારેક એક પોસ્ટકાર્ડમાં વાત બાકી રહી જાય તો અનુસંધાનમાં બીજો પોસ્ટકાર્ડ હાજર. કમનસીબે આ પત્રો સાચવી શક્યો નથી તેનો ક્ષોભ પીડે છે. એમણે લગભગ વીસ વરસોનાં 'કુમાર'નાં અંકો ૧૯૮૫માં આપેલા. એ બધા અંકોની વરસવાર ફાઈલો બંધાવી જીએનએફસી નર્મદાનગરની લાઈબ્રેરીમાં મૂકાવેલી. એ અરસામાં જીએનએફસી કોમ્યુનિટી સાયંસ સેંટરના ઉપક્રમે એમનાં ચિત્રોનું પ્રદર્શન આયોજિત થઈ શકેલું એ ધન્યતા મનને પ્રસન્ન કરે છે. માંડ સાતેક વરસોનું એમનું સાન્નિધ્ય એક સ્મરણમૂડી જેમ મનમાં સચવાયું છે.

(જયશ્રી પટેલ.....૨૫/૭/ ૨૦૨૦)




સુરત ખાતે નીકળેલ રેલી ને મંજૂરી કયા સંજોગોમાં અને ક્યાં કારણોસર આપવામાં આવી..સંક્રમણ વધી શકે તેવા દ્રશ્યો જોવા મળ્યા.કોઈ ડિસ્ટન્સ જાળવવામાં આવ્યું નથી.પોલીસે ધરપકડ કરી કેસ કેમ ના કર્યો.કોરોના સમયમાં ૧૪૪ ની કલમ અમલ મા છે છતાં ભાજપ સરકારે પોતાની બહારવટિયા જેવી મનમાની નું પ્રદર્શન કરવા તેમજ વિરોધ પક્ષ ઉપર રોફ જમાવવા તેમજ પ્રજા માં ભય વિના પ્રીત નહિ નું ગંદુ રાજકારણ રમવા માટે આં સી.આર.પાટીલ ની રેલી કાઢવામાં આવી છે જેની સામે કોર્ટ માં ફરિયાદ દાખલ કરી આવા શાશક સત્તા ના જોરે પ્રજા સાથે અમાનવીય વ્યવહાર કરતા લોકો ને કડક સીક્ષા કરવી જોઈએ.આવી જોહુકમી. લુખાગીરી.અને દાદાગીરી ભર્યું શાશન કોઈપણ સંજોગોમાં ચલાવી ના શકાય..પ્રબુદ્ધ નાગરિકો માં ચર્ચાનો વિષય બની ગયો કે આં રેલી કાઢવાનો અર્થ શું?

એક હિ આગ.જન ફરિયાદ. ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક..

# પ્રાકૃતિક ખેતી દાહોદ જિલ્લાના ખેડૂતો માટે આર્થિક સમૃદ્ધિના દ્વાર ખોલી શકે છે

અભસિંહ રાવલ દાહોદ

દાહોદ જિલ્લામાં ગત સિઝનથી ઘણા ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવી રહેલ છે. જેથી એસ.પી.એન.એફ. પ્રાકૃતિક ખેતી પધ્ધતિમાં ખેડૂતોએ કોઇ પણ પ્રકારનું રાસાયણિક ખાતર, જંતુનાશક દવા બહારથી એગ્રો સેન્ટરમાંથી ખરીદવાની જરૂરિયાત રહેતી નથી. ગત સિઝનમાં દાહોદ જિલ્લાના ખેડૂતોએ ઘંઉ, ચણા, શાકભાજી પાકોમાં દેશી ગાયના આધારિત પોતાના ઘરે બનાવેલ જીવામૃત તથા લીમડો જેવા વિવિધ વનસ્પતિના પાનમાંથી બનાવેલ જંતુનાશક દવા, ખાટી છાશ ના ઉપયોગથી સારા ઉત્પાદન મેળવેલ છે. આથી, ખેડૂતો પોતાના ઘરે જ દેશી ગાય આધારીત જીવામૃત અને લીમડો જેવા વિવિધ વનસ્પતિના પાનમાંથી બનાવેલ જંતુનાશક દવા બનાવી ખેતીમાં ઉપયોગ કરે એવું સૂચન નાયબ ખેતી નિયામક વિસ્તરણ દ્વારા કરવામાં આવ્યું છે.

દાહોદ જિલ્લાના મોટાભાગના ખેડૂતો પોતાના મુખ્ય પાક તરીકે ખરીફ સિઝનમાં દેશી મકાઇ, ડાંગર, શણ, પાપડી, અન્ય શાકભાજી પાકો તથા રવિ સિઝનમાં ઘંઉ, ચણા, લાલ દેશી લસણ, વિવિધ શાકભાજી પાકોમાં બિયારણ પોતાની પરંપરાગત પધ્ધતિઓ મુજબ ઉત્પન્ન કરી રસાયણના ઉપયોગ વગર એકદમ કુદરતી પધ્ધતીથી સંગ્રહ કરે છે. નવી સિઝનમાં પોતાના જ બિયારણનો ઉપયોગ કરે એ વધુ હિતાવહ રહેશે. આમ, એસ.પી.એન.એફ. નેચરલ ફાર્મિંગ પધ્ધતિ અપનાવી જેમાં કોઇ પણ કૃષિ સામગ્રી ખરીદી કરવા બહાર જવું પડતું ના હોય હાલની સ્થિતિમાં ઘરેજ રહી રોગનો ફેલાવો અટકાવવા અપીલ કરાઇ છે.

દેશી ગાયના આધારિત જીવામૃત તથા લીમડો જેવા વિવિધ વનસ્પતિના પાનમાંથી જંતુનાશક દવા બનાવવાની પધ્ધતિની માહિતી જિલ્લાના ખેડૂતોની કૃષિ વિભાગની તાલીમોમાં આપવામાં આવેલ છે તથા તાલીમ દરમિયાન પ્રત્યક્ષ બનાવી શિખવવામાં આવેલ છે. જરૂર પડ્યે આ બાબતે દરેક ગામમાં ફાર્મર ફ્રેન્ડ અને માસ્ટર ટ્રેઇનરનો ફોન સંપર્ક કરી માહિતી મેળવી શકાશે.

સાંપ્રત પરિસ્થિતિમાં ખેડૂતોએ આગામી સિઝનથી પાક વાવેતર પધ્ધતિમાં ઘણા ફેરફાર કરવાની જરૂરિયાત છે. ખેડૂતો પોતાના ખેતરે પોતાની જરૂરિયાત મુજબના બટાકા, કાંદા, મરચાં, મેથી, પાલખ, દેશીલસણ, આદુ, સરગવો, દેશી પાપડી, ટામેટાં, કંદમૂળ પાકો, વેલાવાળા શાકભાજી કુટુંબની જરૂરિયાત મુજબ નાના નાના વિસ્તારોમાં રોપણી કરવી, જેથી ઘર વપરાશ માટેની જરૂરિયાત બહારથી લાવવાનું ટાળી શકાય.

આંબા, દેશી આંબા, ચીકુ, ફાલસા, અંજીર, મોસંબી, આંબળા, બોર, કાજુ, રાયણ, કરમદા, જામફળ, લીંબુ, સીતાફળ, જાંબુ, સીતાફળ, કેળ, પપૈયા, ફણસ, જેવા તમામ ફળ પાકોનુ એક એક ઝાડ ખેતરે શેઢે ( બોર્ડર પ્લાન્ટીંગ) વાવેતર કરે તો આખું વર્ષ કુટુંબને તમામ પ્રકારના ફળ મળી રહે અને બજારમાંથી એક પણ રૂપિયાની ખરીદી ના કરવી પડે અને વધારાની ઉપજને વેચાણ પણ કરી શકે.

એજ રીતે હળદર, અજમો, વરીયાળી, મહુડા તેલ, રાયડો, તલ, સુરજમુખી, મગફળી, મકાઈની દેશી જાતો, મગફળી જેવા તમામ મસાલા અને તેલીબિયા પાકો જરૂરિયાત મુજબ નાના વિસ્તારમાં ઉગાડી તેલ પણ જાતે બનાવી સંપૂર્ણ સ્વાવલંબી બની રહે એવું આયોજન કરવાની જરૂરિયાત છે. એજ રીતે દેશી મકાઇ, લાલ ચોખા, અડદ, તુવર જેવી ધાન્ય અને કઠોળની પરંપરાગત અને ન્યુટ્રીશનલ દેશી જાતો ઉગાડી કુટુંબની તંદુરસ્તી પણ જળવાય એવું આયોજન કરવાની ખાસ જરૂરિયાત છે.

આ વિસ્તારમાં મહુડો, સીસમ, ટીમરૂ, બીલુ, ખજુરી, ઉમરો, ધામણ, દેશી બાવળ, ખાખરો, રાયણ, કાંચનાર, આર્જુન સાદડ, પીપર જેવા વૃક્ષોની સંખ્યા ઘટવાથી પક્ષીઓ અને મધમાખીઓની સંખ્યા ઘટતાં પાકોમાં જીવાત વધી ઉત્પાદન ઓછુ થવાના સમસ્યાઓ ઉભી થયેલ છે, તે હલ થશે.

આમ, જીવામૃત આધારીત નેચરલ ફાર્મિંગ થકી ઉગાડેલ વધારાના શાકભાજી, ફળો, ધાન્ય, તેલીબિયાં, કઠોળ પાકોનું ગુણવત્તા યુક્ત ઉત્પાદન લઇ જિલ્લાના ખેડૂતો વધુ આવક પણ મેળવી શકશે.

ઉપરોક્ત ખેતપદ્ધતિ અપનાવવાથી ભવિષ્યમાં ખેડૂત કુટુંબોએ રોજગારી અર્થે મોટા શહેરોમાં જવાની જરૂરિયાત રહેશે નહી. ખેડૂતો ગ્રામ્ય કક્ષાએથી જ આવક મેળવી સ્વાવલંબી જીવન જીવી શકશે. માઈગ્રેશન અટકતાં બાળકો શિક્ષણ મેળવી આગળ આવી શકશે.

દાહોદ જિલ્લાના અંદાજિત ૨૦૬ જેટલા ખાતરના ડીલરો પાસે વિવિધ રાસાયણિક ખાતર ઉપલબ્ધ છે. જેમાં ખેડૂતોએ આધાર કાર્ડના ઉપયોગથી પોસ મશીન દ્વારા યુરીયા ૨૬૬.૫૦, ડીએપી ૧૨૦૦, એનપીકે ૧૨-૩૨-૧૬ ખાતર ૧૧૮૫, નાઈટ્રો ફોસ ૯૫૦ ની સરકાર દ્વારા નિયત ભાવે ચુકવણી કરી ખરીદી કરવી. (કિંમતો સમયાનુસાર નજીવા ફેરફારને પાત્ર) બિયારણ, ખાતર, જંતુનાશક દવાની ખરીદી સરકાર માન્ય વિક્રેતાઓ પાસેથી જ ખરીદી કરવી. ખરીદીના પાકા બીલો મેળવી રાખવા તથા મુદ્દતવાળાં બિયારણ, દવાની ખરીદી કરવા જણાવાયું છે.

# નિસ્વાર્થ સેવા સંગઠનના માધ્યમથી પાલનપુર ગુરુનાનક ચોક ખાતે જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું




આજરોજ નિસ્વાર્થ સેવા સંગઠન ના માધ્યમથી પાલનપુર ગુરુનાનક ચોક ખાતે જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું નિસ્વાર્થ સેવા સંગઠન પ્રમુખ નીતિનભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે કોરોના વૈશ્વિક મહામારી લાગવાથી પરિવારના તમામ લોકો પરેશાનીમાં મુકાઇ છે અને એ પરિવારમાંથી એમની ભૂલના કારણે પરિવારના કોઈ મુલ્યવાન વ્યક્તિને પણ ગુમાવવું પડે છે તો એ ભૂલ એમના પરિવાર માટે જીવનની મોટી ભૂલ સાબિત થાય છે માટે એવા કોઈ સંજોગો કોઈ પરિવાર સાથે ન બને એ માટે જનજાગૃતિ અભિયાન ચલાવી લોકોમાં માસ્ક પહેરવા સોશિયલ ડિસ્ટન્સ રાખવા અને વારંવાર સાબુથી હાથ ધોવા દર્શાવેલ બેનરો દ્વારા લોકોના અંદર જાગૃતતા લાવવાની કોશિશ કરવામાં આવી સાથે પાલનપુર પૂર્વ પોલીસ સ્ટેશનના પીઆઇ શ્રી આર.ડી ગઢવી દ્વારા ચાલતાં રાહદારીઓમાં માસ્ક વગરનાં લોકોમાં નિશુલ્ક માસ્ક વિતરણ કરી પૂર્વ પોલીસ સ્ટેશનના પીઆઇ શ્રી આર.ડી ગઢવી સાહેબે માનવતાનું ઉદાહરણ પુરુ પાડ્યું છે નિસ્વાર્થ સેવા સંગઠનના પ્રમુખ નીતિનભાઈ ઠાકોર રૂપેશભાઈ ગુપ્તા ઠાકોરદાસ ખત્રી મન અગ્રવાલ પ્રકાશભાઈ ધરવા જીગરભાઈ સોની સંગઠનના તમામ વ્યક્તિઓ સાથે મળી સરકારના જનજાગૃતિ અભિયાન ને આગળ ચલાવતા લોકોમાં જાગૃતતા લાવવાની કોશિશ કરી રાષ્ટ્ર પ્રત્યેની ઉમદા ફરજ પૂરી પાડી છે સાથે પોલીસ તંત્ર પણ જનજાગૃતિ અભિયાન ચલાવી લોકોને મદદરૂપ બનવાનો પ્રયાસ કરી રહી છે ત્યારે આપણી પણ ફરજ છે સરકાર ની ગાઇડ લાઇન આપી લોકોને સરકારની ગાઇડ લાઇન માં સહભાગી બનવા વિનંતી કરવામાં આવી માસ્ક પહેરવા સોશિયલ ડિસ્ટન્સ વારંવાર સાબુથી હાથ ધોવા તાકીદ કરવામાં આવ્યા આપણે સુરક્ષિત આપણો પરિવાર સુરક્ષિત

## વાલીઓને મોબાઈલ પર ઓનલાઈન શિક્ષણ બંધ કરવા અંગે જાણ કરી

# ફી નહીં તો ઓનલાઈન શિક્ષણ નહીં ગાંધીનગરમાં પણ શાળાઓનું રણશિંગું

## ઓનલાઈન શિક્ષણ તથા વહીવટી પ્રવૃત્તિ પણ બંધ કરી દેવાનો સંચાલકોનો નિર્ણય

। ગાંધીનગર ।

ફી નહી તો ઓનલાઈન શિક્ષણ પણ નહી. સરકારે જ્યાંસુધી વાસ્તવિક રીતે સ્કુલો શરૂ ન થાય ત્યાંસુધી સંપુર્ણપણે ફી માફીનો નિર્ણય કરતાં સ્કુલોના સંચાલકોએ પણ સરકારના આ નિર્ણય સામે પોતાનો પણ નિર્ણય જાહેર કરી દીધો છે. અમદાવાદની જે ગાંધીનગરમાં પણ ખાનગી શાળાઓએ ઓનલાઈન શિક્ષણ બંધ કરવાનું જાહેર કર્યુ છે. ઘણી શાળાઓએ વાલીઓને મોબાઈલ પર આ મેસેજ પણ પહોંચાડી દીધો છે.

કોરોનાના કારણે લોકડાઉનથી શાળાઓ બંધ છે. બાળકોના સ્વાસ્થયના હિતાર્થે શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા માટે સરકાર હજુ તૈયાર નથી. શાળાઓ ખરેખર ક્યારથી શરૂ થશે તે અનિશ્ચિત છે. તો બીજી બાજુ ઘણી શાળાઓએ બાળકોના અભ્યાસની ચિંતા કરીને ઓનલાઈન શિક્ષણ આપવાનું શરૂ કર્યુ હતું. જેનો ઘણા વાલીઓએ સહર્ષ સ્વીકાર પણ કર્યો, પરંતુ શાળાઓ જ્યારે ફી વસુલીની વાત કરી તે સાથે જ મામલો બિચક્યો છે. ધીરે ધીરે ગાંધીનગરમાં પણ ફી ઉઘરાવવા સામે વિરોધ ઉઠ્યો છે. તાજેતરમાં જ ગુજરાત વાલી એકતા મંડળના નેજા હેઠળ જિલ્લા શિક્ષણાધિકારીને છ મહિના ફી માફ કરવા માટે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. સરકાર સુધી વાલીઓએ શાળાઓ દ્વારા ઉઘરાવાતી ફીના મુદ્દે રજુઆત કરતાં સરકારે પણ સ્કુલો શરૂ ન થાય. વર્ગખંડમાં શિક્ષણકાર્ય શરૂ ન થાય ત્યાંસુધી કોઈપણ શાળા ફી લઈ નહી શકે. એટલેકે ફી સંપુર્ણપણે માફની જાહેરાત કરી હતી. સરકારના આ નિર્ણયથી શાળાના સંચાલકો ચોંકી ઉઠ્યા છે. ગઈકાલે અમદાવાદમાં શાળા સંચાલકોના મંડળે ફી નહી તો ઓનલાઈન શિક્ષણ પણ બંધની જાહેરાત કરી હતી અને હવે ગાંધીનગરની શાળાના સંચાલકોએ પણ ઓનલાઈન શિક્ષણ નહી આપવા જણાવી દીધુ છે. ફીને લઈને છેલ્લા ઘણા સમયથી અનેક ઈસ્યુ ઉભા થયા હતા. કોરોનાના કારણે આર્થિક સમસ્યા સર્જાઈ હોવા ઉપરાંત જો શાળાઓ જ શરૂ ન થઈ હોય તો ફી શા માટે ઉઘરાવવામાં આવી રહી છે તેને લઈને છેલ્લા ઘણા સમયથી હુંસાતુંસી ચાલી રહી હતી. પરંતુ આ બધામાં અત્યારે હવે બાળકોનો ખો નીકળી ગયો છે. બાળકોના અભ્યાસ પર વિપરીત અસર પડવા ઉપરાંત આર્થિક સમસ્યાની વાતો કરનારાઓએ સાથે સાથે એ પણ સમજવાની જરૂર છે કે આ તમામના કારણે હજારો અને લાખો શિક્ષકો પર વિપરિત અસર પડશે. ફી નહી ભરવાથી ખાનગી શાળાના શિક્ષકોનું આર્થિક ભાવિ જોખમાવાનો ભય ઉઠશે.

# બ્રાહ્મણવાડા સેન્ટરની શાળાઓમાં વર્ચ્યુઅલ ક્લાસ દ્વારા શિક્ષણ : સીઆરસી બ્રાહ્મણવાડા



ઊંઝા તાલુકાની બ્રાહ્મણવાડા સેન્ટર ની તમામ શાળાઓમાં વર્ચ્યુઅલ ક્લાસરૂમ દ્વારા ઓનલાઇન શિક્ષણ આપવામાં આવી રહ્યું છે હાલમાં કોરોના મહામારી ચાલી રહી છે ત્યારે બાળકોનું શિક્ષણ ના બગડે તે હેતુથી સરકાર દ્વારા વર્ચ્યુઅલ ક્લાસરૂમ કરવામાં આવ્યા છે અને તેના દ્વારા બાળકોને ઘરે બેઠા ઓનલાઇન શિક્ષણ મેળવી રહ્યા છે આ અંગે બ્રાહ્મણવાડા સી.આર.સી અલ્પેશ શ્રીમાળીએ જણાવ્યું હતું કે હાલમાં કોરોનાની મહામારી ચાલી રહી છે ત્યારે બાળકો ઘરે બેઠા તેમના સમયે શિક્ષણ સરળતાથી મેળવી શકે તે હેતુથી વર્ચ્યુઅલ ક્લાસરૂમ શરૂ કરવામાં આવ્યા છે અને બ્રાહ્મણવાડા સેન્ટરના શિક્ષકો દ્વારા બાળકોને ઓનલાઇન શિક્ષણ આપવામાં આવી રહ્યું છે વધુમા અલ્પેશ શ્રીમાળીએ જણાવ્યું હતુંકે વાલીઓને ફોન દ્વારા સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે ઓનલાઇન શિક્ષણ બાળકોને ખૂબ જ મજા આવે છે અને બાળકો ખૂબ રસપૂર્વક ભણે છે.

## સાબરડેરીના અધ્યક્ષ શ્રી શામળભાઈ પટેલની

# ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના ચેરમેનપદે વરણી થતા મુખ્યમંત્રીએ પાઠવી શુભેચ્છાઓ




મોટી ઈસરોલ, તા.૨૪

સાબરકાંઠા-અરવલ્લીના પશુપાલકોની જીવાદોરી સમી સાબર ડેરીના અધ્યક્ષશ્રી શામળભાઇ પટેલની ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના ચેરમેનપદે વરણી થતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના નવા વરાયેલા ચેરમેન-વાઇસ ચેરમેનને હ્રદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી છે

મુખ્યમંત્રીશ્રીએ સાબર ડેરીના અધ્યક્ષ શ્રી શામળભાઇ પટેલની ફેડરેશનના ચેરમેન તરીકે અને કચ્છ જિલ્લા દૂધ ઉત્પાદન સંઘના અધ્યક્ષ શ્રી વાલમજી હુંબલની વાઇસ ચેરમેન તરીકે વરણી અંગે તેમને અભિનંદન આપ્યા છે

શ્રી વિજયભાઇ રૂપાણીએ ફેડરેશનના આ બે નવા નેતૃત્વકર્તાઓના માર્ગદર્શનમાં ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશન અને તેને સંલગ્ન દૂધ સંઘો-ડેરીઓ શ્વેતક્રાંતિમાં ગુજરાતને વધુ અગ્રેસરતા પ્રાપ્ત કરાવે તેવી શુભકામનાઓ પણ આપી હતી.

# વંથલીમાં માસ્ક પહેર્યા વગર ફરતા ૪૨ લોકો પાસેથી વસુલાયા ૮,૪૦૦



કોરોના સંક્રમણ રોકવા માટે સરકાર દ્વારા અનલોક જાહેર કર્યું છે એમા ધંધા રોજગાર માં ધણી બધી છૂટછાટ આપવામાં આવી છે તો બીજી તરફ અમુક નિયમો પણ ફરજીયાત કરવામાં આવ્યા છે જેમાં જાહેર જગ્યાઓ પર સામાજિક અંતર જાળવવું માસ્ક પણ ફરજીયાત પહેરવું સહિતના નિયમો પાડવા ફરજીયાત છે. પરંતુ હજી પણ ધણા લોકો જાહેર સ્થળોએ અથવા તો બજારોમાં કે રસ્તા પર માસ્ક પહેર્યા વગર નીકળી રહયા છે.

ત્યારે વંથલી પીએસઆઇ બી.કે. ચાવડા અને પોલીસ સ્ટાફ દ્વારા શહેર ના જુદા જુદા વિસ્તારોમાં માસ્ક ઝુંબેશ હાથ ધરી હતી માસ્ક પહેર્યા વગર ફરતા ૪૨ લોકોને ઝડપી પાડી તેમની પાસેથી ૮ હજાર ૪૦૦ રૂપિયા નો દંડ વસુલ કરીયો હતો

મહત્વનું છે કે કોરોના નું સંક્રમણ રોકવા માટે જે રીતના નિયમો બનાવવામાં આવ્યા છે પરંતુ હજી પણ ધણા લોકો નિયમો નું પાલન કરતા નથી જેને કારણે કોરોના નું સંક્રમણ વધવાની પૂરેપુરી શકયતાઓ રહેલી છે ત્યારે વંથલી પીએસઆઇ બી.કે. ચાવડા દ્વારા હવે ફરજીયાત માસ્ક ને લઇને કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

તસ્વીર- અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# ગાંધીનગર આરટીઓ કચેરીમાં ખુલ્લો ભ્રષ્ટાચાર

ગાંધીનગરમાં આરટીઓ કચેરી સેક્ટર-૩ ખાતે સરકારના નીતિ નિયમો બનાવેલા હોવા છતાં તેનો ભંગ કરીને ગાડીઓ ટ્રાન્સફર કરવા માટે કોઈપણ વેચાણ કરાર નોટરી કાયદાકીય જોગવાઈ હોવા છતાં કરાવવામાં આવતું નથી. જિલ્લા ટ્રાન્સફર ના કેસોમાં પણ સોગંદનામું બનાવી અને નોટરી કરવાનું હોય છે પણ તેમ કરવામાં પણ આવતું નથી.

હાલમાં ગાંધીનગર ખાતે મળતિયાઓ દલાલો અને અધિકારીઓ મળીને ૫૦૦થી ૭૦૦ રૂપિયા જેવી રકમ લઈને બારોબાર ગાડી ટ્રાન્સફર કરી દેવામાં આવે છે. સરકારના પરિપત્ર ને નેવે મૂકીને ખૂબ જ ભ્રષ્ટાચાર થઇ રહેલ છે અને આ બાબતે આરટીઓ અધિકારીની છે શરમ હેઠળ ગાંધીનગર જેવા કેપિટલ સિટી માં આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ છડેચોક ચાલી રહી છે. હાલના સંજોગોમાં લાઈસન્સ રિન્યુ કરવાના ૩૦૦ રૂપિયાના બદલે ત્રણ હજારથી પાંચ હજાર પાંચસો રૂપિયામાં રિન્યુ કરી આપવામાં આવે છે અને જો કોઈ આવા જ ઉઠાવે તો એજન્ટોના કામો તાત્કાલિક બંધ કરીને પ્રજાના કામો અટકાવવામાં આવે છે.શું ગાંધીનગરમાં જ જો આવી ખુલ્લી દાદાગીરીથી અધિકારીઓની અને નેતાઓના મેળ આપણાથી દાદાગીરી ચાલતી હોય તો આખા ગુજરાતમાં શું પરિસ્થિતિ હશે તે આપ સમજી શકો છો.

## રાજ્ય સરકારમાં નોકરી-સેવા દરમ્યાન અવસાન પામતા

# વર્ગ-૩-૪ના કર્મયોગીઓના આશ્રિતો ઉચ્ચક નાણાંકીય સહાય માટે હવે ૧ વર્ષ સુધી અરજી કરી શકશે

રાજ્ય સરકારમાં ચાલુ નોકરી-સેવા દરમ્યાન અવસાન પામતા વર્ગ-૩-૪ના કર્મયોગીઓના આશ્રિતોને ઉચ્ચક નાણાંકીય સહાય મેળવવા માટેની અરજી કરવાની સમયમર્યાદા ૬ માસથી વધારી એક વર્ષની કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આવા કર્મયોગીઓના આશ્રિતોને મોટી રાહત આપતો આ સંવેદનાસ્પર્શી નિર્ણય કર્યો છે

રાજ્ય સેવાના વર્ગ-૩ અને ૪ ના સરકારી કર્મચારી ચાલુ નોકરી-સેવા દરમ્યાન અવસાન પામે તો તેમના આશ્રિતને અગાઉ રહેમરાહે નિમણૂંક આપવામાં આવતી હતી.

રાજ્ય સરકારે ૨૦૧૧થી આવી નિમણૂંકના વિકલ્પે ઉચ્ચક નાણાંકીય સહાય આવા દિવંગત કર્મચારીઓના આશ્રિતને આપવાનો અભિગમ અપનાવેલો છે.

તદઅનુસાર, સરકારી કર્મચારીના અવસાન બાદ કુટુંબના આશ્રિતે ૬ મહિનામાં આ સહાય મેળવવા માટે અરજી કરવાની હોય છે.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ એવી રજૂઆતો આવી હતી કે આવા કર્મચારીના અવસાન બાદ સામાજિક રીત-રિવાજો, પરિવારની માનસિક હાલત, આશ્રિતોને નિયમોની જાણકારીના અભાવ વગેરેને કારણે જરૂરી રેકર્ડ/દસ્તાવેજ એકત્ર કરવામાં સમય જતો હોય છે.

મુખ્યમંત્રીશ્રીએ આ રજૂઆતો પ્રત્યે સંવેદના દર્શાવી આવા સંજોગોમાં દિવંગત કર્મચારીના આશ્રિતોને ઉચ્ચક નાણાંકીય સહાય મેળવવા માટે સરકારમાં કરવાની થતી અરજીનો સમય ૬ માસથી વધારી ૧૨ માસ એટલે કે ૧ વર્ષ કરવાનો નિર્ણય કર્યો છે.

સી.એમ-પીઆરઓ/અરૂણ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.